આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

પ્રેમ

શ્રધ્ધા

ભક્તિ

પ્રભુકૃપા

યોગ

ધર્મ

સાધના

સત્સંગ

# અધ્યાત્મ

વર્ષ : ૧૫ અંક : ૨

નવેમ્બર–૧૯૯૩

Summit

# * મનનો સુધાર આવશ્યક *

યાદ રાખવાનું છે કે બધી જાતના ધર્મો, સંપ્રદાયો, મતમતાંતરો, નિયમો, સેવાપૂજાના પ્રકારો ને સાધનાના અભ્યાસ મનની શુદ્ધિ ને તેની દ્વારા થતી પરમાત્માની અનુભૂતિ માટે જ છે. એટલે મનની શુદ્ધિ અથવા સાત્ત્વિકતા ને પરમાત્માની અનુભૂતિ માટે અત્યંત જાગ્રત ને પ્રયત્નશીલ રહેવાની જરૂર છે. માણસ પોતાને ગમે તેટલો ધાર્મિક ને મોટો સાધક માનતો કે મનાવતો હોય તોપણ એ બે વસ્તુની સિદ્ધિ ન કરી શકે અથવા એ બંનેની સિદ્ધિ કરવા તરફ તેનું ધ્યાન ને તેનો પ્રયાસ ન હોય તો તે ભૂલમાં છે, ને તેની ધાર્મિકતા ને સાધનામાં ક્યાંક ખામી છે, એ સાચે જ સમજી લેવું. એવા લોકો આ સંસારમાં અનેક દેખાય છે જેમના ધર્મ ને જેમની સાધનાનું દર્શન તેમના સ્વભાવમાં નથી થતું. તે ધર્મ ને સાધનાપરાયણ દેખાય છે, પરંતુ તેમનામાં ધાર્મિકતા ને પ્રભુપરાયણતા નથી દેખાતી. તેમના સ્વભાવ, તેમના રોજિંદા જીવન ને તેમનાં કર્મમાં જેવો થવો જોઈએ તેવો સુધાર નથી થતો. વરસો સુધી તે ધર્મનો આધાર લે, સાધના કરે, ને વરસો સુધી આપણે તેમને જોઈએ ને વરસો પછી પણ જોઈએ, પણ તેમનામાં ખાસ ફેર પડેલો નથી દેખાતો. વરસો પછીય તેનો એ જ મલિન સ્વભાવ, એના એ જ વિચાર, એના એ જ ભાવ ને એનું એ જ સર્વસાધારણ હીન વર્તન; એવી રીતે તેમના જીવનમાં તસુભર પણ તફાવત નથી દેખાતો. ધર્મની એવી પદ્ધતિ ને એવી સાધના શા કામની?

યોગેશ્વરજી



મા શ્રી સર્વેશ્વરી

# * નૂતનવર્ષે શ્રી યોગેશ્વરજીને *

'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલજી' કહી ગોકુલાષ્ટમીએ તમને હાજરાહજૂર વધાવતી જનતાને છેહ દઈ ગણેશની જેમ, શું પામતા રહો છો વિસર્જન દર વર્ષ?

હિંસા, દુરાચાર, ભ્રષ્ટાચારની યાદી લંબાતી પાઘડીપને, 'વિષ્ણુસહસ્રનામ' જેમ ધર્મસંસ્થાપના માટે અવતરવાનું અભયવચન તમે જ ગીતામધ્યે દીધેલું ને?

'બહૂનામ્ જન્મનામંતે' એ તો તમને પહોંચવાની થઈ અમારી તિતિક્ષા– પણ પીડિત ત્રાસિત જનતા, જે અશરણ્યનું નથી કોઈ શરણ તેને તારવા, ઉગારવા સમય નથી પાક્યો હજી? તમારું સુદર્શનચક્ર પણ સરકારજમ થયું શું?

ક્યારે અવતરશે યોગેશ્વર
અમારી ભીડું ભાંગવા?

— જિતેન્દ્ર પંડ્યા

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ.જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ.જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના દિવ્ય જીવનની સુવર્ણ જયંતી વેળાએ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૪ |
| પ્રાર્થના | ડો. રણજિત પટેલ | ૨૭ |
| ચમત્કાર આજે પણ બને છે | નારાયણ હ. જાની | ૨૮ |
| એ આગ ઠારી બાગ લહેરાવવા છે | ડો. પ્રકાશ ગજ્જર | ૩૩ |
| લાધી ગયો રે સાર | પરમાર્થી | ૩૭ |
| અધ્યાત્મવિદ્યા | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૮ |
| પત્ર પ્રસાદી | સુરેશભાઇ શાહ | ૪૨ |
| દીપોત્સવી | કમલ સુથાર | ૪૭ |
| શરણાગતિ–રહસ્ય–આધીનતા | ધીરજલાલ જી. મોઘરિયા | ૫૧ |
| એક સાધકનો પત્ર | રતિભાઇ ભાવસાર | ૫૫ |
| જપયજ્ઞ સફળ | નારાયણ હ. જાની | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * નૂતન વર્ષાભિનંદન *

દિપોત્સવીના મંગલ પર્વે તથા નૂતન વર્ષના શુભ આરંભે, અધ્યાત્મના સર્વે સાધકોને, વાંચકોને તેમ જ શુભચિંતકોને નવા વર્ષના સાલમુબારક.

ઇચ્છીએ કે નવા વર્ષમાં થોડોય જાગ્રત માનવ કેવળ ભૌતિક અભ્યુદય પાછળ જીવન ના વેડફતાં, મનની શાન્તિ, આત્મિક ઉન્નતિ અને બીજાઓની ભલાઇ સારૂંય મથે.

– તંત્રી (અધ્યાત્મ)

## * આભારી છીએ *

અધ્યાત્મ માસિકના નવેમ્બર ૧૯૯૩ ના અંકની છપાઇના ખર્ચના પૈસા અમેરિકાના સાધક ભાઇબહેનો તરફથી આપવામાં આવ્યા છે. તેઓ છેલ્લા અગિયાર માસથી આ રીતે પૈસા આપી રહ્યા છે. તેઓની આ પ્રકારની સહાય માટે અમે ખરે જ તેઓના આભારી છીએ. સારા પ્રેરણાત્મક સાહિત્યના પ્રસાર માટે મદદરૂપ થવું, સારાનો ફેલાવો કરવો તે પણ એક સત્કર્મ છે. પ્રભુ સર્વ સહાયકોનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના.

– તંત્રી, (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ નવેમ્બર–૧૯૯૩ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨–૩–૮૧, સોમવાર, મહા વદ અગિયારસ, ૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

નિત્ય નિયમ મુજબ કાર્ય ચાલ્યા જ કરે છે. એમાં શરીર, સમય, સ્થળ કશું જ બાધક બનતું નથી. આ મહાપુરુષની અતિ-નિયમિત, અતિપવિત્ર, નિર્મળ, સાધના ચાલ્યા જ કરે છે. તો એમની છત્રછાયામાં સર્વેશ્વરીની સાધના પણ નિયમિત ચાલ્યા જ કરે છે. રામાયણનું પારાયણ, ડાયરીલેખન વિ. ચાલ્યા કરે છે.

વળી આજકાલ ગાંધીજીની વાતો સાંભળવાનો નવો રસ જાગ્યો છે. (પૂ. શ્રીના શબ્દોમાં એ વાતો સાધનામાં એટલી બધી સહાયક નથી, છતાં જ્યાંસુધી રસવૃત્તિઓ જોવાની, સાંભળવાની છે ત્યાંસુધી એ બધું ચાલશે) જેથી આજે પણ દસથી સાડા



અગિયાર સુધી આભાબેન ગાંધી સાથે વાર્તાલાપો થયા. વીસ જેટલા પ્રશ્નો પૂછીને બાપુની દંતમંજનથી માંડીને પથારી, પ્રવાસ, ભોજન, ઉપવાસ, પ્રાર્થનાની વાતો થઈ. ખૂબ ખૂબ જાણવાનું મળ્યું. ખૂબ ખૂબ આનંદ આવ્યો.

સાડા અગિયારે પૂ. શ્રી પાસે આવી જવાનું બન્યું. આજે વડોદરાથી પાંચ પ્રેમી ભાવિક ભાઈઓ પૂ. શ્રી પાસે આવ્યા છે. જેમાં શ્રી જીતુભાઈ ગાંધી (અમારા સેવાભાવી યજમાન), શ્રી ચંપકલાલ શાહ (યોગેશ્વર ધ્યાનકેન્દ્ર વતી મફત અંગ્રેજીના વર્ગો લેનાર સેવાભાવી સજ્જન), વિજયભાઈ રાણા (પૂ. શ્રીના પ્રવચનોની નિયમિત ટૂંકી સારવાહી નોંધ દૈનિક પેપરમાં આપવાની સેવા કરનાર સેવક), વિનુભાઈ અમીન (ધ્યાનકેન્દ્રના સંચાલક), અને શ્રી રમણભાઈ સોની (એક શિક્ષક અને સર્વેશ્વરીના ભજનોનું 'અર્ધ્ય' પુસ્તકના છાપકામમાં સંપૂર્ણ દેખરેખ રાખનાર સદ્પુરુષ—આ પાંચે ભાઈઓ પૂ. શ્રીને 'અર્ધ્ય' અર્પણ કરે છે.

આજની પ્રશ્નોત્તરી ને મુલાકાતના સાડા અગિયારથી સાડા બારના સમયમાં સરસ પ્રશ્નોત્તરી થઈ જેમાં અનામત બેઠક વિરોધી આંદોલન વિષે વ્યક્તિપૂજા વિષે સુંદર વાતો થઈ.

આજે અગિયારસ હતી જેથી પૂ. શ્રી આ મુલાકાત એક વાગ્યા સુધી લંબાવે છે. ત્યારબાદ દૂધ વિગેરે પૂ. શ્રી લે છે. આજે વડોદરાથી શ્રી જીતુભાઈ પૂ. શ્રી માટે શીખંડ લાવ્યા છે, જેથી પૂ. શ્રી તે પણ લે છે. થોડો આરામ કરે છે.

બરાબર ૨.૩૫ મિનિટે પૂ. શ્રી ફરી તૈયાર થઈ આકાશવાણી કેન્દ્ર ઉપર જાય છે. ૩.૦૦ વાગ્યે પૂ. શ્રીના વાર્તાલાપ 'રત્ન-

કણિકા'માટે ટેપ થવાના છે. પૂ. શ્રી પાંચ વાર્તાલાપ ટેપ ઉપર આપીને સાડા ચારે ફરી ઉતારા ઉપર આવી જાય છે.

પૂ. શ્રી આવીને આરામ કરે છે. સર્વેશ્વરી ૪.૪૫ કલાકે ફરી રાષ્ટ્રીય શાળાના સારવાર કેન્દ્રમાં સારવાર લેવા જાય છે. સાથે શ્રી જીતુભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી વિનુભાઈ, મીના, શાંતિભાઈ વિગેરે છે. આજે શ્રી પુરુષોત્તમભાઈ આખીયે રાષ્ટ્રીય શાળાના વિવિધ વિભાગો બતાવે છે. જેમાં અંબર ચરખા, પૂણીકેન્દ્ર, દૂધ કેન્દ્ર, પટોળા વિભાગ, વેચાણ વિભાગ વિગેરે બતાવે છે. પછી સારવાર લેવામાં આવે છે.

સારવાર લઈ ફરી સવા છ વાગે ઉતારા પર સૌ આવી જાય છે. સાડા છ એ પૂ. શ્રી મુલાકાત આપે છે. વડોદરાના પાંચ ભાઈઓ શ્રી શાંતિભાઈનો પરિવાર ને શ્રી હરિ બેઠા છે. ગુરુ ને શિષ્યના વિષય પર સુંદર ચર્ચા થાય છે.

શિષ્ય અશ્રદ્ધાળુ બને તો ગુરુ એને દર્શન આપીને પાછો દોરે કે નહીં? ભારત કેમ પછાત છે? અનામત બેઠકની સાચી વ્યાખ્યા—વગેરે વિશે વાતો થાય છે.

પૂ. શ્રીને ફરી મોરબી જવાનું ખાસ રુચતું નથી. રાજકોટ ચાર—પાંચ દિવસ રહેવાનું બને તો સારું એવો વિચાર છે. બીજી બાજુ આ ઘરના યજમાન કામપ્રસંગમાં રોકાયેલા છે ને પંજાબના ધંધાકીય પ્રવાસની વાતો દરરોજ કરે છે. જેથી પૂ. શ્રી નિર્ણય લઈ શકતા નથી.

વડોદરાવાળા વિદાય થનાર છે. શ્રી હરિ મોરબી લઈ જવા આતુર છે. મોરબી સૌ રાહ જુએ છે. પૂ. શ્રી પોતાનો નિર્ણય હંમેશની જેમ પરમશક્તિ ઉપર છોડે છે. પરમશક્તિ કાલે નહીં



આજે જ રાત્રે મોરબી ચાલો એમ કહે છે જેથી ૮.૨૦ સુધી સૌ સાથે બેઠા પછી નિર્ણય લીધો ને તરત જ પરમશક્તિની આજ્ઞા મુજબ મોરબી જવા સામાન ગોઠવાઈ ગયો.

માર્ગમાં પૂ. શ્રીએ વાતો બંધ કરી. ધૂન, ભજન થતાં તો મોરબી આવી ગયું. સૌ ભક્તોને આનંદ થયો. આરામ. હરિઃ ૐ

**તા. ૩–૩–૮૧, મંગળવાર, મહા વદ બારસ,**
**૨૦૩૭, સ્થળ : મોરબી.**

નિત્યક્રમ મુજબ કાર્યક્રમ રહ્યો. બપોરે ભોજન બાદ પત્ર-લેખન શરુ થયું. પૂ. શ્રી પલંગ ઉપર બેઠા છે. શ્રી હરિને પત્રના જવાબો લખાવે છે. સર્વેશ્વરી પણ પાસેની ખુરશી ઉપર બેઠાં છે. પૂ. શ્રી સર્વેશ્વરીને દહેરાદૂનથી આવેલો પત્ર આપે છે. પૂ. શ્રી દહેરાદૂનની વાતો કરે છે.

**સર્વેશ્વરી :** હવે તો મારે હિન્દી બોલતાં શીખવું પડશે.

**પૂ. શ્રી :** બોલોને आपको क्यां शीखना है? પૂ. શ્રીને હિન્દીમાં જવાબ આપવાને બદલે સર્વેશ્વરી હસે છે. બગાસું ખાય છે. પૂ. શ્રી એ જોઈને કહે છે. क्या बगासा खाची हो. (હસાહસ થાય છે.)

પછી મુંબઈથી જૈન પ્રેમીભાઈ શ્રી જે. વી. શાહ પોતાના ગામ મૂળીમાં એક હોલ છે તેનું ઉદ્‌ઘાટન પૂ. શ્રી પાસે કરાવવાનો પત્ર લખે છે. તેનો જવાબ પૂ. શ્રી લખાવે છે.

**સર્વેશ્વરી :** જે. વી. શાહ. જૈન તો પણ તમારી પાસે ઉદ્‌ઘાટન કરાવે એ નવાઈ લાગે. એમને તો ઘણા સાધુઓ મળે.

**પૂ. શ્રી :** અરે એ તો હેડઓફિસમાંથી ઓર્ડર છૂટે એટલે જે.

વી. તો બિચારા ચીઠ્ઠીના ચાકર. જગદંબાની હેડઓફિસમાંથી ઓર્ડર છૂટે એટલે જે. વી. સલામ ભરે ને ઓર્ડર ન છૂટે તો ઉંધે પાટે ચઢે.

આજે પૂ. શ્રી ખૂબ હસાવે છે. હિન્દી–ગુજરાતી–ને અંગ્રેજી મિશ્રીત વાક્યો બોલે છે. સૌ વિદાય થાય છે. પેપર ઉપર થોડી નજર નાંખીને આરામ કરે છે. સર્વેશ્વરી બે દિવસની નોંધ લખે છે.

સાંજે છ વાગ્યે સત્સંગ શરુ થાય છે. તે પહેલાં સર્વેશ્વરી કહે છે : મહાત્માજી, આજે બપોરે જરા વિશ્રામ કર્યો ત્યાં તમે ગાડીનું ડ્રાઈવીંગ કરતા હો એવું એક દૃશ્ય દેખાયું.

પૂ. શ્રી એના ઉત્તરમાં કહેવા લાગ્યા : હા બરાબર છે. હું તો જીવનનું ડ્રાઈવીંગ કર્યા જ કરું છું ને!

વળી આજે અમદાવાદ ધ્યાનકેન્દ્રના એક સહાયક સાથી શ્રી ભાવસારનું ચાલુ કોર્ટે હાર્ટએટેકથી અવસાન થયું તે સમાચાર મળ્યા. પૂ. શ્રી કહે જીવનનો શો ભરોસો છે? અમે નારણપૂરાના ધ્યાનકેન્દ્રના ઉદ્‌ઘાટનમાં મળેલા. ખૂબ પ્રેમાળ હતા. તેમને ખ્યાલ પણ ન હોય કે મારે આટલું જલ્દી જવાનું હશે. અને મરનારના જવાથી પછી તેમની પાસે જે બેન રહેતાં તેમનું સગાસ્નેહી કે મિત્રો કોઈ ધ્યાન ન રાખે. એવું જ ચાલે.

સર્વેશ્વરી એના અનુસંધાનમાં પૂ. શ્રીને કહે છે કે હું પણ તમારી પાસે રહું છું. અચાનક તમારું શરીર શાંત થઈ જાય તો તમે મને સૂક્ષ્મરીતે સતત મદદ કરો ખરા?

**પૂ. શ્રી :** હું સર્વાવસ્થામાં સર્વપ્રકારે મદદ કરું જ છું.



વળી આજે પૂ. શ્રીએ બાળક ને માતાજી ઉપર લખેલું સુંદર ગીત–તેની વાત કરી. સર્વેશ્વરીએ તેને સંભળાવવાની માંગણી કરી. તો પૂ. શ્રી તે સંભળાવે છે. ખૂબ સરસ ભાવો બાળમાનસના વ્યક્ત કર્યા છે. તેથી તે સર્વેશ્વરીને ગમ્યું. ત્યારબાદ પૂ. શ્રી પોતાની સાંજની પ્રાર્થનામાં બેઠા. તે પહેલાં સર્વેશ્વરી બહાર જઈ બે ભાઈઓને પાથરણાં વિગેરેની વ્યવસ્થામાં સૂચન આપે છે. અંદર આવતાં જ પૂ. શ્રી, સર્વેશ્વરીને પ્રાર્થનામાં બેસવાનું કહે છે.

સર્વેશ્વરી બેસે છે. ને નીચેની પ્રાર્થના આંખમાં આંસુ સાથે બે લીટી બોલે છેઃ

હે પ્રભુ! તમે પ્રસન્ન બનીને દર્શનનું દો દાન હવે. પૂ. શ્રી સર્વેશ્વરીના માથે હાથ મૂકીને તથાસ્તુ કહી આશીર્વાદ આપે છે કહે છે : તમને દર્શનની ખોટી ચિંતા વળગી છે. કૃપારૂપી દર્શન જોવાની ટેવ પાડો.

ત્યારબાદ થોડીવારે પ્રાર્થના બાદ પૂ. શ્રી બહાર જાય છે. છ ને પાંચ મિનિટ થઈ રહી છે. પૂ. શ્રી બહાર નીકળી રહ્યા છે. સર્વેશ્વરી નોંધ લખે છે. પૂ. શ્રી પૂછે છે : શું લખો છો? સર્વેશ્વરી તેનો જવાબ આપે છે. પૂ. શ્રી એ વાતના અનુસંધાનમાં કહે છે : સંસારમાંથી બહાર કાઢયા. સંત સાથે રહેવા મળ્યું. સંપૂર્ણ માન મળે છે. વિપરીત માનસ પલટાઈ જાય છે. એ બધું કૃપાનું દર્શન જ છે ને? તેને યાદ કરીએ. તમારા જીવનના પ્રસંગો એ કૃપાના દર્શન જ છે. પણ દિવ્યદર્શન આપવું હશે તો આપશે. તેની ચિંતા ન કરો.

આટલી વાતો કરતાં કરતાં પૂ. શ્રી બહાર નીકળી રહ્યા છે. લેઠક ઉપર બેસતાં જ વડોદરાથી આવેલા બંને ભાઈઓને પૂ. શ્રી વિગતવાર સમાચાર પૂછે છે. આજે નાની બાળાઓ સ્વાગતનૃત્ય

કરી પૂ. શ્રીને આવકારે છે. ત્યારબાદ શ્રી રમણભાઈ સોની ('અર્ઘ્ય' પુસ્તકને તૈયાર કરવામાં પ્રૂફરીડર તરીકે છે તે) થોડી વાતો કરે છે.

પછી શ્રી મંગલ ત્રિવેદી ભજન ગાય છે :

કુછ લેના ન દેના મગન રહેના.
ગહરી નદિયાઁ નાવ પુરાની,
કેવટીયા સે મીલે રહેના.....કુછ લેના.
પંચ તત્ત્વકા બના હૈ પીંજરા,
ઉસમેં બોલે મેરી મૈના.....કુછ લેના.
કહત કબીર સુનો ભાઈ સાધો,
ગુરુ કે ચરણ મેં લિપટ રહેના....કુછ લેના.

આ ભજન કબીરનું છે અને પૂ. શ્રીને ગમ્યું હતું. જેથી આજે તે ભાઈ એ જ ભજન ગાય છે. વળી શ્રી ગોવિંદભાઈ ભૂત (મધુસૂદન) એક ભજન ગાય છે. જેના શબ્દો 'જય જગદીશ્વરી માત સર્વેશ્વરી' છે. સ્તુતિ બાદ પ્રશ્નોત્તર શરુ થાય છે.

પૂ. શ્રી કહે છે : કોઈને કંઈ પૂછવું હોય તો પૂછો. આજે પહેલો દિવસ હોઈ સો જેટલા ભાઈબહેનો બેઠા છે. એમાંથી શ્રી બાલમુકુન્દભાઈ (પૂ. શ્રીના શ્રદ્ધાવાન્ મૂક ભક્ત) પૂ. શ્રીને પૂછે છે. ઘણીવાર કોઈ પ્રશ્નો ન હોય ત્યારે પણ બાલમુકુંદભાઈ પ્રશ્નો લાવે ને પૂછે.

**શ્રી બાલમુકુંદભાઈ** : તરત દાને મહા પૂન (પુણ્ય) કેમ કહેવામાં આવે છે?

**પૂ. શ્રી** : તરત જ કરેલું દાન પુણ્યશાળી હોય છે. ઘણીવાર આપણે વિચારીએ કે ચાલો આને આટલી મદદ કરીએ પછી



વિચાર આવે કે પગાર આવે પછી અથવા કાલે કરીશું. ઘરે જઈએ. ઘરમાં એ વાતનો વિરોધ થાય. પણ જો ઘરનું પાત્ર અનુકૂળ હશે તો કદાચ કહે : 'તો મદદ કરીને જ આવવી હતી ને. જાઓ, અત્યારે જ મદદ કરી આવો.' પણ પ્રતિકૂળ પાત્ર હોય તો : તમને એક જ આવડે છે. દાનપુણ્યમાં જ પૈસો પૂરો કરો છો.' આવી સ્થિતિમાં દાનનો વિચાર આવ્યો હોય તો તરત જ કરી નાંખ્યું હોય તો સારું. વિલંબ કરવામાં વાત આખી વિપરિત થઈ જાય. તરત દાન આપનારને તરત પુણ્ય મળે. આત્મસંતોષ મળે. એક કહેવત છે. મુલતવી રાખવાનાં માઠાં ફળ. દાન, તપ, સત્કર્મ કરવાનું મન થાય તો તે તરત જ કરો. સત્કર્મમાં વિલંબ ના કરો.

**પ્રશ્ન** : પુણ્યપ્રકોપ ક્યારે થયો ગણાય?

**પૂ. શ્રી** : પુણ્યાત્માઓ ક્રોધ કરે ત્યારે. સામાન્ય માનવો ક્રોધ કરે તે પાપપ્રકોપ કહેવાય.

સંતોનો ક્રોધ કલ્યાણકારક ઘણીવાર બને છે. કોઈ અભિમાની માનવનો ઘમંડ ઉતારવા સંત દંડો લે તો તેમાં તે જીવનું કલ્યાણ જ છે એ પુણ્યપ્રકોપ સન્માર્ગે વાળનારો થાય.

क्रोधोऽपी देवस्य वरेण तुल्यम्।

દેવોનો ક્રોધ પણ કલ્યાણકારક હોય છે. પુણ્યપ્રકોપ શબ્દ સંત, પુણ્યાત્માના ક્રોધ માટે જ વપરાય. પણ આજકાલ એ શબ્દ ચલણી નાણા જેવો થઈ ગયો છે. પોતાની પત્ની ક્રોધ કરે તો પણ કહે આજે અમારા શ્રીમતીજીએ પુણ્યપ્રકોપ કર્યો. સામાન્ય રીતે હવે તે બધે વપરાતો થયો.

**પ્રશ્ન** : કોઈ વસ્તુની બાધા લીધી હોય (ટિક લીધી હોય) ને તે ભૂલમાં ખવાય જાય તો?

પૂ. શ્રી : જુઓ, ભૂલમાં ખવાય જાય તેમાં બહુ દોષ નથી જેટલો જાણી જોઇને થયેલી ભૂલમાં છે.

પ્રશ્ન : આપણે માંદા પડીએ તો જોશી પાસે જઇએ તો જોશી કહે તમને ગ્રહ નડે છે. ભૂવા કહે તમને વળગાડ છે. વૈદ્ય કહે દવા લો. સંતો કહે તમને પ્રારબ્ધકર્મ નડે છે—તો સાચું શું માનવું?

પૂ. શ્રી : બધા જ સાચા છે. જોશીને પોતાને જ ગ્રહ નડે જેથી ગ્રહ સુધારવા તમારા જેવા પાસેથી વિધિવિધાનના પૈસા મેળવી પોતાનો આર્થિક ગ્રહ સરખો કરી દે. ભૂવાને પણ પૈસા લેવાનો જ વળગાડ છે. પણ વૈદ્ય કહે તે સાચું ને જરૂરી છે. સંતો કહે પ્રારબ્ધકર્મ નડે પણ માંદગીમાં તો દવા જ મહત્ત્વની ને જરૂરી અસરકારક છે.

ત્યારબાદ પૂ. શ્રી શ્રી હરિને રાજકોટના પ્રવચનની વાતો કરવાની સૂચના આપે છે. શ્રી હરિ રાજકોટના સ્મરણોમાં મલેશિયાથી આવેલા એક ભાઇના જીવનની વાતો પૂ. શ્રી પ્રથમથી જ જણાવી દે છે. તે અને શ્રીહરિના એક સંબંધીનું દૂર હોસ્પિટલમાં ઓપરેશન સફળ થયું છે ને તબિયત સારી છે—એમ પૂ. શ્રી પ્રથમથી જ જણાવી દે છે, આ બે પ્રસંગો કહે છે. શ્રી પુરુષોત્તમભાઇની ભાવનાની વાતો પણ કરે છે.

શ્રી હરિ પછી શ્રી ચંપકભાઇ પોતાની ભાવભરી રજૂઆત કરતાં કહે છે : સૌ પ્રથમવાર મોરબી શિબિરમાં સર્વેશ્વરીને ફૂલ-હાર પહેરાવવાનું સદ્‌ભાગ્ય અને આજે સર્વેશ્વરીનો પ્રથમ કાવ્ય-સંગ્રહ માટે પણ મને પ્રથમ સેવા મળી એ મારું અહોભાગ્ય છે.

આરતી બાદ પ્રસાદ લઇ સૌ છૂટા પડે છે. આજે પૂ. શ્રી એક ભાખરી ને બટાટાવડા લે છે. સર્વેશ્વરી પણ સ્વ૮૫ જ બેસીને એ ભોજન દરરોજની જેમ લે છે.



વાતાવરણમાં હવે ગરમી વધી છે. ગઇરાત્રે મચ્છરદાનીમાં પૂ. શ્રીને ગરમી લાગી હતી, જેથી આજે જાળીવાળી મચ્છર-દાનીની શોધ શરુ થઇ છે. તો એક ભાઇ રાત્રે નવ વાગ્યે નવી જ ખરીદીને પૂ. શ્રી માટે આપી જાય છે. પૂ. શ્રીને એ વાતની ખબર પડે છે. ત્યારે કહે છેઃ અરે શા માટે ખરીદી? કેટલી મોંઘી આવે એ તો? આ મચ્છરદાનીથી ચલાવી લેત. સર્વેશ્વરી કહે છે : આજે જ તમે તરત દાને મહાપુણ્યની વાત કરી હતી એનો પણ પ્રભાવ હોય શકે.

નવી મચ્છરદાનીમાં બેસી પૂ. શ્રી પોતાની માળા ખૂબ સ્વસ્થતાથી પલાંઠી વાળીને કરી રહ્યા છે. સર્વેશ્વરી નોંધ લખે છે. નોંધલેખન બાદ આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)

## * મોરબીમાં પૂ. માના સાધક *

મોરબીના સાધક શ્રી હરિભાઇ ભોજાણી મા-પ્રભુના પ્રેમી સેવક છે. તેઓને ત્યાં અત્યાર સુધી ફોનની સગવડ ન હતી. પ્રભુકૃપાથી એમના પુત્ર મનીષે ધંધાકીય પ્રગતિ સાધી હવે ઘરે ફોન લીધો છે, જેનો નંબર છે ૨૦૧૯૯ જેની નોંધ લેવા વિનંતિ છે.

—તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના

# દિવ્ય જીવનની સુવર્ણ જયંતી વેળાએ

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આપના દિવ્ય જીવનની સુવર્ણ વેળાએ આપનાં બાલકુસુમો-ની આપનાં પાવન શ્રી ચરણોમાં પ્રણામ સાથે પ્રાર્થના છે.

મારા મનમાં મૂર્તિ તમારી રમે,
મારું મનડું બીજે ન ક્યાંય ભમે;
એને મિલન તમારું ફક્ત ગમે,
એવી કરી ક્ષણવાર દયા,
મને દર્શન દિવ્ય દઈ દો તમે.

આજના પાવન પ્રસંગે બીજું શું માગીએ! મા, સિવાય બીજું કંઈ ગમતું નથી. ભોજો ભગત કહે છે તેમ આ દુનિયા ખરેખર દીવાની છે, નહીંતર આ પૃથ્વીપર આપનું પ્રેમલ સ્વરૂપ વિહાર કરતું હોય ત્યારે બીજી ભ્રમણામાં શા માટે ભટકવું જોઈએ? બસ મા, અમ બાલુડાંને તો આપની પ્રેમલ ગોદ પ્યારી પ્યારી લાગે છે. આપની ગોદ એ અમારું વૈકુંઠ છે. આપની કૃપા થકી અમારી સર્વ ભ્રમણા ભાંગી ગઈ છે. અમે બીજે હવે શા માટે ભટકીએ? હવે તો મીરાંબાઈની જેમ અમને પણ રામ રમકડું મળી ગયું છે.

રૂમઝૂમ કરતું મારે મંદિરે પધાર્યું;
નહિ કોઈને હાથે ઘડિયું રે,
મોટા મોટા મુનિજન મથી મથી થાક્યા,
કોઈ એક વિરલાને હાથે ચડિયું રે.



બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
મારું મને શામળીયાશું જડિયું રે.
રાણાજી મને રામ રમકડું જડિયું...

મા, તમે અમારા શામળીયા ભગવાન છો, મીરાંની જેમ અમને પણ તમે સામેથી મળ્યાં છો, અમારા જીવનમાં કૃપા કરીને પધાર્યાં છો. આ આપની પરમકૃપા, પ્રેમ અને ઉપકારોને આજે યાદ કરીએ છીએ ત્યારે અમારું હૈયું હાથ રહેતું નથી. ભાવથી ભીંજાઈ જાય છે, પ્રેમમાં પાગલ બની જાય છે. નેહે નહાઈ ઉઠે છે. મા, અમારું અંતર જ સમજે છે કે અમારાં 'મા' શું છે? એણે અમને શું આપ્યું છે? અમારું અંતર સાક્ષી પૂરે છે કે મા મળ્યાં તો શું મળ્યું?

ચિંતા ટળી ગઈ ને દુઃખડાં મટી ગયાં છે,
મૃત્યુ મરી ગયું, છે અમૃત મળ્યું.
મળ્યાં મા તો પ્રેમપૂરમાં, તણાવાનું સૌભાગ્ય મળ્યું.

આપની આ સુવર્ણજયંતીએ સુવર્ણથીયે અધિક વિશુદ્ધ આપનું જીવન પ્રેરણાના પિયુષનું પાન કરાવી અમારા પ્રભુપ્રેમના સંસ્કારોને પોષી રહ્યું છે. આજે જ્યારે આપના દિવ્યજીવનના ઈતિહાસનાં સોનેરી પૃષ્ઠો પર મીટ માંડીયે છીએ ત્યારે અમારી આંખો એ ઈશદર્શનની અનુભૂતિથી તૃપ્ત થઈ ઉઠે છે. આપનો ઈતિહાસ એ સાધારણ જીવનનો ઈતિહાસ નથી, પરંતુ આ પૃથ્વીપર પરંપરાથી અવતરિત થતી પરમશક્તિના ઈતિહાસના પ્રકટ પૂરાવા સમાન છે.

મા, આપનો ઉદય જ કેટલો ભવ્ય છે! જે ઘરમાં આપ પ્રકટયાં તે કુટુંબના પૂણ્યપુરુષ યજ્ઞપુરુષ જેવા છે. આધ્યાત્મિક સંસ્કારોનો યજ્ઞ નિરંતર પ્રજ્વલિત રાખી પવિત્રતાનો ઉજાશ આસપાસ સર્વત્ર પ્રસારી રહ્યા છે. કદાચ આપના પાવન સંકલ્પના

ફલસ્વરૂપ એ ગૃહમંદિર અધ્યાત્મ સંસ્કારોનું પાવનધામ બન્યું હોય! એ ગૃહમંદિરના પાવન વાતાવરણનું દૃશ્ય કેવું પવિત્ર હશે તે પણ માણવા જેવું છે.

સ્વર્ગથીય સોહામણું, હરિયાળીથી હસતું, શાંતિ મઢયું ધામ એટલે કપૂરાગામ. સંસ્કારવડ સમું ઘટાદાર અને વિશાળ વ્યક્તિત્વ ધરાવતા પૂ. બાપુજી શ્રી કાલીદાસભાઈ તથા સંસ્કારલક્ષ્મી સમાં ભીખીબાના સંસ્કારધામ સરખું વિશાળ ગૃહમંદિર કપૂરાની એ પાવન ધરતી પર કોઈ પૂર્વના પૂણ્યોદયને લીધે સાકાર પામ્યું હોય તેમ લાગે છે. દરરોજ સવારસાંજ નિયમિત થતા યજ્ઞકાર્યની ધૂમ્રસેરોથી એ ગૃહમંદિર સુવાસિત બની પવિત્રતાની આભા રેલાવે છે. પ્રાર્થના, ભજનરસની મસ્તી અને રામાયણ કથાગાનના પાનની સત્સંગ સરિતા અહીં નિયમિત વહ્યાં કરે છે. આ ગૃહમાં પધારેલા પૂણ્યશાળી આત્માઓને આ પૂણ્યલાભ સહજ મળી રહ્યો છે. માતાપિતાની આ સંસ્કાર મૂડીના વારસાને પૂ. માએ યોગ્ય જ શ્રદ્ધાંજલિ અર્પી છેઃ–

શૈશવમાં રામાયણરસની લ્હાણ ધરી સપ્રેમ મને,<br>
પ્રાર્થના તણઓ પ્રેમ જગાવ્યો આરંભમહીં પૂર્ણપણે;<br>
શ્લોકો તેમ જ મંત્રો શીખવ્યા પ્રાતઃસ્મરણ તણા ત્યારે,<br>
નમન કરું એ માતપિતાને આશીર્વાદ સમાં મારે.<br>
વિદ્યાભ્યાસ કરાવ્યો ભાવે સંસ્કારો સીંચ્યા ન્યારા,<br>
આઘાતો સહેવા બળ આપ્યું આદર્શો જગાવ્યા સારા;<br>
ધીરજ ને હિંમત પ્રગટાવી અભય તણો ગાયો મહિમા,<br>
વંદન એવા માતપિતાને આશીર્વાદ સમાં મારે.

માતાપિતાના આ આધ્યાત્મિક વારસાને પૂ. માએ પૂર્ણપણે દીપાવ્યો છે. કિશોરવયમાં જ આ આધ્યાત્મિક સંસ્કારો અંતરમાં



દૃઢ કરવા, એ કોઈ સાધારણ વાત નથી. એ દૃઢતાના પાયા પર જ પૂ. માએ આધ્યાત્મિક સંસ્કારોની વિશાળ જીવન ઈમારત ઊભી કરી છે. એ સંસ્કારવડનો વિસ્તાર પૂ. માએ કેટલો વધાર્યો છે, તેનાં આપણે સૌ સાક્ષી છીએ. પૂ. માનું આ જીવનદર્શન આપણા સૌને માટે કેટલું પ્રેરણાદાયી છે? જીવનનો ઉત્તરોત્તર વિકાસ એ ભવ્ય પુરુષાર્થ માગી લે છે. અને એ માટે પૂ. માની જેમ શૈશવ-કાળ અને કિશોરવયથી જ અંતરમાં સુસંસ્કારોનો દૃઢ પાયો નાંખવો જોઈએ અને તેની જાળવણી કરવી જોઈએ. જો ગફલતમાં રહીએ તો દુનિયાદારીના પ્રવાહમાં તણાતાં વાર નથી લાગતી! પૂ. માની જેમ પોતાના જીવનપટ પર પોતે જ વિકાસની કેડી કંડારવી જોઈએ.

યૌવન એટલે જીવનની વસંત! એ યુવાની પણ થનગનતી આવીને ઊભી રહી! કંઈ ને કંઈ કરી નાખવાના કોડ યુવાનીમાં જાગે એ સ્વાભાવિક છે. શરીરની અને મનની માંગોનો એ લપસણો અને લોભામણો સમય! મોટે ભાગે જીવનવિકાસ અહીં અટકી જાય છે. અથવા તો એક ઘરેડમાં જીવનને ગોઠવી દેવામાં આવે છે અને સંસારી ઘરેડમાં જ જીવન પૂરું થઈ જાય છે. જીવનગાડું ચાલુ ચીલામાં ગબડયે જાય છે, એમાં પ્રગતિ દેખાય છે પણ જીવનના ઉર્ધ્વ વિકાસની કોઈ શક્યતા નથી. આધ્યાત્મિક જીરન પણ આપણે બહુ સલામત અંતરેથી જીવીએ છીએ. મંદિર, પૂજા, આરતી, માળા અને તીર્થાટનમાં ઈતિશ્રી માની લઈએ છીએ. કદાચ કોઈ આગળ થવાનો પ્રયત્ન કરે તો કુટુંબીઓના વિરોધ આગળ ઝૂકી જાય છે.

જ્યારે પૂ. માના જીવન ઈતિહાસના પ્રસંગોપર નજર માંડીએ ત્યારે એ યુવાનીને પૂ. માએ પરમ પુરુષાર્થથી શણગારી છે.

અભ્યાસ અને શૈક્ષણિક સેવાના એ સમય દરમ્યાન કોટયાર્ક-નગરનું પૂ. માનું નિવાસસ્થાન હિમાલયની તપોભૂમિ જેવું હતું. વ્રત, તપ અને ઉપવાસોને લીધે એ સાધનાની યજ્ઞભૂમિ જેવું બની ગયું હતું! અહીં પ્રભુદર્શનના વિરહમાં આખી ને આખી રાતો એમને એમ પસાર થઇ જતી! જમવાનું વિસરાઇ જતું, ઊંઘ ઉડી જતી! વેકેશનોમાં મૌનમંદિર તપસ્યાભૂમિ બની જતું. મૌન મંદિરોમાં પૂ. માનું અંતર ઉઘડી જતું. એ પ્રેમના પોકારોને આપણે 'અર્ધ્ય' અને 'અંજલિ'માં સાંભળી શકીએ છીએ. મૌન મંદિરના એકાંતવાસ દરમ્યાન પ્રકટ પ્રભુના દિવ્ય સાન્નિધ્યની વિરહ વ્યથા પરાકાષ્ટાએ પહોંચી હતી!

વ્યથા વ્હાલમને જઇને કહેજો રે કોઇ,
વિરહાગ્નિ વરસે વ્હાલમ વેળાસર આવો.
સાન્નિધ્ય વિના જીવન સૂનું રે ભાસે,
મંગલ મહોત્સવ કરવો તમને રે છાજે.

પૂ. માએ દિવ્ય જીવનનાં સુવર્ણમય પૃષ્ઠો પર પ્રભુપ્રેમ અને વિરહનો એક અનુપમ દૈવીમસ્તી સભર ઈતિહાસને અમર કર્યો છે. આ સુવર્ણ જયંતીએ પૂ. માના આ ઈશમહિમાના સૌંદર્ય અને માધુર્યને માણવાનો અને તેમાંથી પ્રેરણાપાન કરવાનો શુભ અવસર છે.

પૂ. માના દિવ્યજીવનના ઈતિહાસનું ગમે તે પૃષ્ઠ ઉથલાવીએ તો પણ તેમાં માનવજીવનની ભૂલો અને તૃટિઓનું પુનરાવર્તન જોવા નહીં મળે. સ્વાર્થ અને રાગદ્વેષની ગંધ લેશમાત્ર નહીં આવે. પરમપ્રેમ અને પ્રભુતા, પ્રેમભીના ત્યાગ અને વૈરાગ્ય, સેવા અને સમર્પણ, તપ અને તિતિક્ષા, અડગતા, નિર્ભયતા અને અદમ્ય



સાહસ સાથે સૌ પ્રથમ એ માતૃવાત્સલ્યના સ્નેહ નીતરતા સંભારણાના અવનવા લીલાપ્રસંગોથી એ ભાગવતી કથાનો ઈતિહાસ સભર ભર્યો છે. આપણું પરમ સૌભાગ્ય છે કે આપણે પણ એ પરમ ઈતિહાસના સાક્ષી જ નહીં, પણ અંતરંગ અંગ બન્યા છીએ, એ માતૃવાત્સલ્યના અમીમય સ્પર્શથી પ્રેમભીના બન્યા છીએ.

પૂ. માનું અધ્યાત્મજીવન ગુરુમહિમાનું અમૃતમય, અનુપમ, અદ્‌ભુત દર્શન કરાવે છે. પૂ. માની સાધનાની વ્યથાની કથા સામાન્ય નથી. પ્રભુને પ્રકટ સ્વરૂપે પામવા તેમણે જીવનની બાજી લગાવી દીધી છે. પૂ. માના સ્વભાવમાં મક્કમતા અને નિશ્ચયાત્મકતા બાળવયથી જ છે. પૂ. માની ઉગતીવયના ફોટામાં આપણને આ અડગતા, દૃઢતા જોવા મળે છે.

૧૯૭૧ માં પૂ. યોગેશ્વરજીનો પરિચય થયો. પૂ. માને માટે એ કોઇ ઔપચારિક ઓળખાણ ન હતી, એ પ્રથમ દર્શનમાં ગૂઢ આકર્ષણની સહજતા હતી. અનાયાસે હૃદયમંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠિત થઇ ગયા! એ અંતરના આનંદની અભિવ્યક્તિ સહજપણે અંતર-માંથી સરી પડીઃ–

મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા;
જેથી જનમમરણના ફેરા ટળ્યા.

હવે એ પ્રકટ પ્રભુનું પ્રત્યક્ષ સાન્નિધ્ય પામવા પૂ. મા સ્વયં જાણે પ્રેમ અને વિરહનું પ્રકટ સ્વરૂપ બની ગયાં! ભારે મથામણ અનુભવી! સ્વયં આત્મમંથનના મેરું બની ગયાં! એ દિવ્ય સાન્નિધ્ય પામવા અન્ન, ઊંઘ અને આરામને સાધનાયજ્ઞમાં હોમી દીધાં! "સાથે રાખો, શાંતિ આપો"નો સહજ મંત્ર પ્રાણના પર-

માણસોમાંથી સહજ જ ગુંજી ઉઠયો!

અણુએ અણુમાં અનુરાગ જગાડયો તેં,
વિરહની વ્યથામાં વીતે છે દિનરાત રે.
જોગણ જુએ વાટડી રે!
વસમા વિયોગને વિતાવી દે માડી;
વ્હાલની વર્ષા વરસાવી,
અંકે લે સમાવી.
યોગેશ્વર માવડી રે જનમો જનમની.

૧૯૭૮ માં દક્ષિણભારતની શકવર્તી યાત્રા થઇ. એ યાત્રા પૂ. મા માટે પ્રાર્થનાના પોકારોની અભિવ્યક્તિ બની ગઇ! પ્રાણમાંથી ઉઠેલો એ અંતર્નાદ પૂ. યોગેશ્વરજી જેવા સમર્થ પરમપુરુષ ન સાંભળે તો જ નવાઇ! એના પ્રતિઘોષ એટલા પ્રચંડ પડ્યા કે એ સમર્થ સદ્‌ગુરુદેવે પૂ. માને સામેથી દીક્ષા આપી સ્વીકારી લીધાં! પૂ. માના પ્રચંડ આત્મવિશ્વાસ અને અનંત શ્રદ્ધાએ દિવ્યજીવનના દરવાજાના આગળા ખોલી નાખ્યા. દિવ્યપ્રેમનાં પૂર જાણે ઉતરી પડયાં. નીચોવાતા હૃદયનો પૂ. માનો પ્રેમ પોકાર હતો. પૂ. માએ પ્રાણની બાજી લગાવી હતી. 'શિર પડે અને ધડ લડે' એવી શૌર્યકથાની આ વાત છે. બ્રહ્માનંદજીના શબ્દોને પૂ. માએ યથાર્થ ઠેરાવ્યાઃ–

માથું જાતાં રે મુખથી પાણી નવ જાયે;
બ્રહ્માનંદ કહે રે, એવા સંત હરિમન ભાવે.

આકરી કસોટીમાંથી પૂ. મા પાર ઉતર્યાં તો હરિમન ભાવ્યાં, અને પછી તો શ્રીહરિએ પણ પૂ. મા માટે જીવન મરણની બાજી ખેલી!



લીલા સર્જી મને પાસે બોલાવી,
જીવન મરણ બાજી ખેલી,
કૃપાની ધાર રેલી.
બંધન તોડાવીને સેવા સ્વીકારી,
ગુરુગોવિંદ પદે રાખી,
બનાવી બડભાગી.
પિયુષની પ્યાલી રે પ્રભુજીએ પાઇ.

મહાપુરુષોના આધ્યાત્મિક જીવનમાં કેટલીક ઘટનાઓ એવી ઘટે છે કે શ્રદ્ધા વિના તેનું સમાધાન શક્ય જ નથી. પૂ. યોગેશ્વરજી જેવા તનમને તદ્દન નિરામય એવા પરમપુરુષને એકાએક હાર્ટ-એટેકની ગંભીરમાંદગી આવે તે ગળે ન ઉતરે તેવી વાત છે. છતાં આ બન્યું, તેમાં ભગવાન અને ભક્તનું અનેરું લીલામય જીવન-દર્શન છે. આ અલૌકિક પ્રસંગમાં પૂ. માની દિવ્ય સાન્નિધ્ય પામવાની તમન્નાનો સ્વીકાર છે.

જીવનમાં અલૌકિક ઘટનાઓ એમને એમ ઘટતી નથી. તેમાં તપની ધૂણી ધખાવવી પડે છે, અંતરશત્રુઓને જીતવા પડે છે. વજ્રસરીખું મનોબળ કેળવવું પડે છે, અંતે પ્રાણને પણ હોડમાં મૂકવા પડે છે, ત્યારે પ્રભુ વ્હારે ધાય છે. આ પ્રસંગો લખવા પાછળનો હેતુ પૂ. માના અલૌકિક જીવન પ્રસંગોને સાચી રીતે સમજવાનો છે. પૂ. મા અત્યારે જે દિવ્યજીવન વૈભવ સજીને બેઠાં છે તેની પાછળ તપ અને ટેકની કેવી ભૂમિકા છે, એ સમજી શકાય છે.

અમદાવાદની વિવેકાનંદ હોસ્પીટલમાં પૂ. ગુરુદેવપ્રભુની માંદગીને લીધે જે સેવાની તક મળી તેના દોરીસંચાર પાછળ ભલે

પરમશક્તિનો સંકેત હોય, પરંતુ પ્રભુના એ દિવ્ય પ્રત્યક્ષ સાન્નિધ્યને જે અનેરા આત્માનંદે પૂ. માએ વધાવ્યું તેનો તો વળી એક અનોખો ઈતિહાસ છે, એ દિવ્ય સાન્નિધ્ય પાસે જગત ગૌણ બની ગયું. એટલું જ નહીં, પણ વિસરાઇ ગયું! ત્યાગ અને વૈરાગ્યનો એક નવો જ અધ્યાય પૂ. માના સુવર્ણ ઈતિહાસમાં આલેખાઇ ગયો! વ્હાલાં સ્વજનો, પ્રતિષ્ઠાભર્યું આચાર્યપદ, અને પારવિનાની સંપત્તિ પળવારમાં છૂટી ગઇ! પૂ. માએ તો બધી જ ચિંતા ચતુર્ભુજને સોંપી પોતે નિશ્ચિંત બની ગયાં! પ્રાર્થનાઓ સઘળી પૂર્ણ બની ગઇ. અખંડ સુખ ને શાંતિનું સામ્રાજ્ય જીવન-માં છવાઇ ગયું!

વિદાય લીધી પાનખરે હવે,
વસંતનો રસ મધુર પામી,
પ્રેમામૃતની પ્યાલી પીધી,
અમરતા જીવનને દીધી.
મારા જીવનમાં હવે આવ્યા હરિ;
હું તો સહેજે ભવસાગરને તરી.

પૂ. માનું લીલાદર્શન એ ભક્તકોટિનું નહીં, પણ ઈશાવતારનું છે. એટલે ગુરુદેવપ્રભુ સાક્ષાત્ મળ્યા પછી પણ એ અવતારલીલા જનકલ્યાણ માટે નવા નવા જીવનવળાંકો લઇને અવનવા લીલા-પ્રસંગો સર્જીને માર્ગદર્શન ધરે છે.

પૂ. માએ પોતાના અધ્યાત્મ જીવનમાં ગુરુને ગોવિંદ પદે પ્રતિષ્ઠિત કર્યા છે. પાંચ વર્ષના ગુરુદેવપ્રભુના દિવ્ય સાન્નિધ્ય દરમ્યાન પૂ. માએ સેવા અને સમર્પણ, વિવેક, અને વિનયનું પોતાના જીવનમાં પ્રેમસભર દર્શન કરાવ્યું છે. ગુરુચરણની સેવા



અને એ ચરણે સમર્પિત જીવન કેવું હોય તેનું પૂ. માનું જીવન વિરલ ઉદાહરણ છે. "અર્ઘ્ય" અને "અંજલિ" ભજન સંગ્રહોમાં એ ગુરુભાવને ઊંડા આદરભરી પ્રેમાંજલિ પૂ. માએ આપી છેઃ–

તીર્થશ્રેષ્ઠ જનની હે મારી, ગુરુદેવરૂપે છે પધારી,
દૈવી દુલારી માત, તુજને વંદુ વારંવાર.

પૂ. માનું સંપૂર્ણ જીવન ગુરુચરણે સમર્પિત હોવા છતાં એ પરમશક્તિના મધુમય માતૃસ્વરૂપને તો ગુરુદેવ પ્રભુ આદરભાવ સાથે જોતા, એટલું જ નહીં પરંતુ એ માતૃચરણે મસ્તક મૂકવામાં ગૌરવ અનુભવતા! ગુરુદેવપ્રભુની પાર્થિવ વિદાય પછી એ અકથ્ય આઘાતે નંદવાયેલા પ્રેમીજનોનાં હૈયાંઓને એ માતૃ-વાત્સલ્યે જ હૂંફ આપી છે.

મા, આપના જીવનની એક નાનકડી ક્ષણ પણ એવી નથી કે જે પ્રેરણાસભર ન હોય! આપના પ્રેમમય અમીસ્પર્શથી આજે અમારાં જીવન નંદનવન બન્યાં છે. મા, તમે બધી રીતે મહાન છો, પણ આપના વાત્સલ્યપાનથી જ અમે સંજીવની પામ્યા છીએ. આજે આપના પરમપ્રેમનું સામ્રાજ્ય દેશવિદેશમાં છવાયેલું છે. ન જાણે કેટલાંયે હૈયાંઓ એ પરમપ્રેમના સનાતન સંગીતથી ગુંજી રહ્યાં છે. આપના જીવનમાં જે અલૌકિક ઘટનાઓ ઘટી છે, તે કોઇ ચમત્કાર નથી; પરંતુ એ તો આપના પરમપ્રેમનો અદ્ભુત આવિર્ભાવ છે. આપના પરમપ્રેમ થકી જ ગંગામૈયા આપનો અર્ઘ્ય સ્વીકારવા પોતાનું વહેણ બદલીને દોડી આવે છે.

આપના નિર્મળપ્રેમના નિમંત્રણે જ સમુદ્રદેવ જગન્નાથ-પુરીના પવિત્રધામમાં એકીશ્વાસે દોડી આવી પ્રેમપૂર્ણ સ્નાન કરાવી ધન્યતા અનુભવે છે. આપને જ સાક્ષાત્ પરમશક્તિનું

પ્રેમસ્વરૂપ માની ભગવાન રમણ મહર્ષિ અરૂણાચલની ગુફામાં આરતી ઉતારે છે સાંઇનાથ પ્રભુ અને ભગવાન સોમનાથ પ્રેમ-સ્વરૂપા જગન્માતાનું ફૂલહારથી સ્વાગત કરી અર્ધ્ય સ્વીકારે છે. આપના પરમ પ્રેમને વશ થઇ મોક્ષદાયીની ગંગામૈયા ચિન્મય બની મધરાતે પણ દિવ્ય ઘંટારવ અને મધુર સ્વરે દેવગણોથી પ્રશસ્તિત આરતીના દિવ્ય નાદ સંભળાવે છે. મા, આપના ભાગ-વતી સ્વરૂપને દેવસૃષ્ટિ સાથે અમે પણ ભાવપૂર્વક વંદના કરી કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

મા, આપે અમારા સંસારીજીવનને સંન્યાસ અને વૈરાગ્યને નામે ક્યારેય તીરસ્કાર્યું નથી પણ સંવાર્યું છે. અમારા સંસારી જીવનને શિસ્તબદ્ધ અને સંયમી બનાવ્યું છે. સંસારનો સાર પ્રેમમય, પ્રભુમય જીવનમાં સમાયેલો છે અને સૌ પરિવાર જનોને પણ પ્રભુના સ્વરૂપો માની તેમની આદરભાવે સેવા કરી પરસ્પર પ્રેમ અને વફાદારીપૂર્વક જીવતાં શીખવ્યું છે.

અધ્યાત્મ સાધનાને નામે મા, તમે અમને ક્યારેય ભડકાવ્યા નથી કે ભ્રમણામાં નાખ્યા નથી. સાધનાના નામે થતાં કુંડલીની જગાડવાના કે ધ્યાનના ચિત્રવિચિત્ર પ્રયોગોના અખતરાથી અમને દૂર રાખ્યા છે. શિષ્યત્વ કે ધનની કોઇ અપેક્ષા આપે કદી રાખી નથી. શિષ્યત્વ કે દીક્ષાની કોઇની કોઇ વિધિવિધાનના કે કંઠી બાંધવાના કોઇ ચક્કરમાં અમને નાખ્યા નથી. અરે! સાધના-ના નામે કોઇ જપ કે અનુષ્ઠાનની પણ આપે આજ્ઞા આપી નથી! આપે પ્રભુમય જીવન જીવી બતાવ્યું છે, પણ એ રીતે જીવવાની કોઇને ફરજ પાડી નથી. કોઇ સંપ્રદાય ચલાવ્યો નથી. સાથેસાથે ધર્મના વિવિધ સંપ્રદાયો પ્રત્યે એટલી જ આદરની ભાવના રાખી છે. અમને તો આપના દિવ્યમાતૃત્વની વાત્સલ્યદીક્ષા સહજ જ



મળી ગઇ છે. માતૃવાત્સલ્યના આ અમૃતમય સ્પર્શના અમે અધિકારી નથી. એ તો આપની પરમકૃપાનો પ્રસાદ છે.

મા, આપે અમને દીક્ષા આપી હોય તો તે છે પ્રેમ અને શૌર્યની! સાહસ અને હિંમત આપના સ્વભાવનું બીજું નામ છે. આપે હમેશાં પડકાર ઝીલ્યો છે, એટલું જ નહીં પણ ગમે તેવા પડકારને પહોંચી વળ્યાં છો. માનસિક ભૂમિકાએ અંતર્શત્રુઓને જીતી દિગ્વિજય કર્યો છે. તો શારીરિક ભૂમિકાએ પણ સમ્મશૃંગી, બાહુબલી અને દશરથાચલની કષ્ટપ્રદ યાત્રાઓના શિખરો સર કરી પ્રભુનું પરાક્રમી પૂજન કર્યું છે. પ્રભુને દરરોજ થતાં એકસો પચ્ચીસ દંડવત્ પ્રણામો આપની સાહસિક સાધનાની દૈનિક વિધિ છે. પ્રથમ આપ સાહસના પંથે આગળ ચાલ્યાં છો અને પછી અમને ચાલતા કર્યા છે.

અમારી સંસારી આપત્તિઓ વખતે આપ હમેશાં અમારી સાથે રહ્યાં છો એટલું જ નહીં પણ છેક દૂરદૂરથી દુઃખમાં ભાગ લેવા દોડી આવ્યાં છો. આર્થિક સહાય આપી સંસારની વ્યવહારિક સંકડામણોમાંથી ઉગાર્યા છે. મા, ખરેખર આપ અમારાં અધ્યાત્મ માર્ગનાં જ નહીં, પરંતુ અમારા સંસારના પણ સાચાં સહૃદયી રાહબર છો.

આપના પરમ વાત્સલ્યની જેમ આપની તપસ્યાની ભૂમિકાનો પાર અમે પામી શકીએ તેમ નથી. વર્ષોના ઉપવાસો છતાં અથાક પરિશ્રમ કયી માનસિક ભૂમિકાથી થતો હશે તે સમજાતું નથી. માત્ર પરમપ્રેમના પોષણથી આપે જીવનની સમૃદ્ધિ સજાવી છે. તે જોઇને આશ્ચર્ય મુગ્ધ થઇ જવાય છે!

હમણાં હમણાં આપ ઉપરામતા અનુભવો છો. મૌન એકાંત આપની પસંદગીની સાધના રહી છે, તે કરતાં આપે ધારણ કરેલા સ્વભાવનું એ એક અંગ રહ્યું છે. હે મા! આપ રામ છો, આપ

ઉપરામ કેવી રીતે બની શકો? મા, ઉપરામ થાય તે માને પણ ગમે નહીં તો બાળકોને તો ક્યાંથી ગમે? આપની ઉપરામતાનું એક કારણ અમારી મંદતા હશે, આપના દિવ્યપ્રેમનો ધાર્યો પ્રતિસાદ અમે નથી આપ્યો તે હકીકત છે, તેમ છતાં મા, અમે તમારાં જ બાળકો છીએ, તે પણ એટલી જ સાચી હકીકત છે. આ ઉપરામતા આપના લીલાકાર્યોનો એક ભાગ હોય તેમ લાગ્યા વગર રહેતું નથી. આપ નીચે ઉતરો તે કરતાં અમે થોડાં પગથિયાં ઉપર ચઢીએ તે માટે સાધનાની આ કડક શિસ્ત જરૂરી છે. એમાં આપના બાળકોનું કલ્યાણ છે. મા સિવાય બાળકોનું કલ્યાણ કોણ ઇચ્છે?

લખતાં પાર ન આવે એવો આપના લીલાકાર્યોનો વિસ્તાર છે. મહાપુરુષોના જન્મ અને કર્મ દિવ્ય હોય છે. તેમની કૃપા વિના તેનો પાર પામી શકાતો નથી. આપના દિવ્યજીવનની સુવર્ણ જયંતીએ બાળકોની માતૃસ્મરણની ભાવભરી માતૃચરણે વંદના છે.

માતૃમહિમાના જયગાનથી આ જગને ગૂંજતું કરવાની એક તમન્ના અમારે અંતરે પણ છે. અમે ગૌરવ અનુભવતાં ધરાઈએ નહીં એવાં ઊંચા અમારાં 'મા' છે, તેનુંય અમને ગૌરવ છે, હે મા, આપના જીવનની એક પણ ગતિવિધિ એવી નથી કે જે પ્રેમસભર ન હોય! પ્રેમસ્વરૂપાને તો પ્રેમ વડે જ પામી શકાય. શબ્દોમાં એ ન સમાય! મધુરતાના અધીશ્વરની અખિલં મધુરમ્‌ની મધુરતા, મોહકતા આપના વ્યક્તિત્વમાં ક્યાં નથી? આ માતૃસ્વરૂપની મધુરતાને જેણે માણી લીધી તેઓ તો ભક્ત દયારામની જેમ ધન્ય ધન્ય થઇ ગયા!

કિયે ઠામે મોહિની ન જાણી રે,
મોહનજી કિયે ઠામે મોહિની ન જાણી.



દયાના પ્રીતમ પોતે મોહિની સ્વરૂપ છે,
તન મન ધને હું લૂંટાણી રે.—મોહનજી.

મા અને મોહન એક જ આદ્યાશક્તિનાં સ્વરૂપ છે ને! આ દિવ્ય, મધુમય, પ્રેમમય માતૃસ્વરૂપની મોહિની પર આ સુવર્ણ-જયંતીએ કોને વારી જવાનું મન નહીં થાય!

વારી વારી રે સર્વેશ્વરી માત તમારાં લટકાંને,
બલિહારી રે યોગેશ્વરી માત તમારાં લટકાંને.

## * પ્રાર્થના *

मूकम् करोति वाचालम्

તું, થાવું મારે મૂક, માત્ર પ્રાર્થનાઃ
વાણી—વિલાસે વદ, શ્રેય શું થયું?
વક્રાભિચારે વર આયુ આ વહ્યું!
વાણી વિના વાનર શ્રેષ્ઠ કેવા
તરી ગયા? છાતી ચીરી બતાવ્યું
શ્રી રામનું નામ રુંવે રુંવે લખ્યું
થૈ મૂક સ્વપ્ને, પ્રભુકાર્ય તો કર્યું,
પંગુ રહીને ગિરિ તો ઉલ્લંઘવા,
ને મૌનમાં વાણી—પરા જ પામવા.
અનુગ્રહે આભ સમાય ઊંડળે
તરી વિનાયે ભવઅબ્ધિ ઊતરે,
વાણી હરી લે, કર પંગુ જો ચહે
આ રોમ રોમે પ્રભુ! તું શ્વસી રહે.

— ડો. રણજિત પટેલ (અનામી)

# ચમત્કાર આજે પણ બને છે

નારાયણ હ. જાની

જીવલેણ અકસ્માતમાં કોઇ વ્યક્તિની બંને સાથળો ઉપર ટ્રેક્ટર અને ટ્રોલી ફરી વળ્યાં હોય, હાડકાંઓના ટુકડા થઇ ગયા હોય, છતાં એ વ્યક્તિ ફરી કોઇ પણ ખોડખાંપણ વગર સાજી થઇ જાય, લાકડીના ટેકા વગર સ્વસ્થ ટટાર ચાલતી થાય; એટલું જ નહિ, અરે! સ્કુટર ચલાવી શકે, દોડી શકે એને તમે ચમત્કાર ગણો કે નહિ?

તો ચાલો, આપણે એ પ્રભુકૃપાના ચમત્કારની ઘટના જોઇએ.

આ ઘટના ૧૨ ઓક્ટોબર ૧૯૯૨ ના રોજ અમદાવાદ શહેરના જુહાપરા વિસ્તારમાં બની છે.

શ્રી ધીરજભાઇ મોઘરિયાના જીવનની આ એક સત્ય ઘટના છે. તેઓ ચાલીસેક વર્ષના યુવાન એન્જીનિયર છે. ગુજરાત સરકારની નર્મદા યોજનાના બાંધકામ વિભાગમાં ધાંગધ્રા ખાતે કામગીરી સંભાળે છે. તેઓ પોતે ખૂબ શ્રદ્ધાળુ અને પ્રભુપરાયણ છે. પ. પૂ. ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં ખૂબ શ્રદ્ધા–ભક્તિ ધરાવે છે.

પોતાના નવા સ્કુટર ઉપર સરકારી કામે તેઓ તે દિવસે અમદાવાદ આવી રહ્યા હતા. સવારે લગભગ દસ વાગ્યાનો સમય હતો. અમદાવાદમાં હાઇવે ક્રોસ કરતાં જ અચાનક એક ટ્રેક્ટર સાથે તેઓનું સ્કુટર અથડાયું. તેઓ નીચે ફેંકાઇ ગયા અને તેઓના ગજવામાંનું પૂ. મા–પ્રભુની તસ્વીરોવાળું કાર્ડ બહાર



બાજુમાં નીકળી પડયું. તેના ઉપર તેમનું ધ્યાન ગયું ને તેઓએ એના ઉપર પોતાનો હાથ રાખી દીધો. સાથે સાથે આ સંકટમાંથી બચાવવા માટે મા–પ્રભુને પ્રાર્થના થઇ ગઇ. ત્રણ ચારવાર ૐ મા બોલાયું ના બોલાયું ત્યાં તો અથડાયેલ ટ્રેક્ટર અને ટ્રોલીના પૈડાં જમણી સાથળ ઉપર ચઢીને ડાબા પગની જાંઘ અને સાથળનાં હાડકાં ભાંગીને નીકળી ગયાં! તેમને તુરતજ આંખે અંધારાં આવી ગયાં, પરંતુ પ્રભુકૃપાથી અસહ્ય પીડા છતાં બેભાન ના બની જવાયું. તેથી તો દસ મિનિટમાં જ કોઇ ભાઇ રીક્ષામાં નાંખીને નજીકની હોસ્પીટલમાં લઇ ગયા.

જોગાનુજોગ તે હોસ્પીટલમાં તેજ વખતે ત્યાંના ડોક્ટરના એક આર્થોપેડિક સર્જન મળવા આવેલ. તેઓએ શ્રી મોઘરિયાનાં ડાબા પગનાં તૂટેલાં હાડકાં ખસેડીને ઉપરથી ઠીક કરી આપ્યાં. સાથે તપાસીને જણાવ્યું કે ડાબા પગના સાથળના હાડકામાં ગંભીર ઇજાઓ થઇ છે અને બંને પગે જોડી રાખતા ચાવીરૂપ સાંધા Pelvis Bond છૂટા પડી ગયા હોવા જોઇએ. આ ઉપરાંત બીજા આંતરિક ભાગો જેવા કે મૂત્રાશય, વીર્યાશય કે આંતરડાં-ઓને કેટલું નુકશાન થયું છે તે હાલ કહી શકાય નહિ.

પેલા ઓર્થોપેડિક ડોક્ટરે ઇજાઓ જોયા બાદ શ્રી ધીરજ-ભાઇને ખર્ચનો અંદાજ કહ્યો અને ઉમેર્યું "આ કાર્ડ લો અને સાજા થાઓ તો મને મળજો." કદાચ એમણે એવી ધારણાથી તેઓને આમ કહ્યું હોય કે તેઓ બચે અને સાજા થવાની શક્યતા ઘણી ઓછી હોય.

ભગવાન જ્યારે કોઇકને બચાવવા ઇચ્છતો હોય છે ત્યારે કેવા સંજોગો ઊભા કરી દે છે, તે શ્રી મોઘરિયાભાઇની આ ઘટનામાં જોવા મળે છે. હવે જે ટ્રેક્ટરથી આ અકસ્માત થયો

હતો, તેની માલિકી શ્રી દશરથભાઇ પટેલની હતી. તેઓ અમદાવાદના પ્રતિષ્ઠિત મ્યુ. કાઉન્સીલર ઉપરાંત વી. એસ. હોસ્પીટલના ટ્રસ્ટીમંડળમાં હતા. તેઓને જેવી આ અકસ્માતની જાણ થઇ કે તુરત જ પેલી ખાનગી હોસ્પીટલ ઉપર એમ્બ્યુલન્સ લઇને પહોંચી ગયા અને ત્યાંથી શ્રી મોઘરિયાને વી. એસ. હોસ્પીટલના સ્પેશિયલ રૂમમાં દાખલ કરી દીધા. વળી તુરત જ ઉપચારો હાથ ધરી દીધા. જોઇતી દવાઓ લાવવા માટે જરૂરી સૂચનાઓ પણ આપી દીધી. પરિણામે શ્રી મોઘરિયાની સારવાર એકદમ ઝડપી અને કાળજીભરી બની. વિચારો કે કોઇ અજાણ્યા સ્થળમાં, આવા ભારે અકસ્માત પ્રસંગે આવી સારવાર ન મળી હોય, તો માણસ વગર પૈસે અને સારવારના અભાવે મરી જાય કે નહિ!

શ્રી મોઘરિયાને બે ઓપરેશન કરવાં પડયાં. એક તા. ૧૪–૧૦–૯૨ ના રોજ અને બીજું તા. ૨૪–૧૦ ના રોજ. પહેલા ઓપરેશનનો ખર્ચ જ રૂા. ૨૫ હજાર જેવો હતો. આટલા બધા પૈસા એક ખેડુત પરિવારના ઘરમાં ક્યાંથી હોય? છતાં તેઓના ભાઇ માત્ર ચોવીસ કલાકમાં આવડી મોટી રકમ લઇને અમદાવાદ હાજર થઇ ગયા! પરિવારના સભ્યો માટે પણ પૈસા ખર્ચવાની અને પ્રેમપૂર્વક ચાર માસ સુધી સારવાર કરવાની કસોટીનો આ કાળ હતો. તેઓ સહુ તેમાં સફળતાપૂર્વક પાર ઉતર્યા. પ્રભુની મોટી કૃપા નહિ તો બીજું શું કહેવાય?

આ બધી વાતો તો શ્રી મોઘરિયાભાઇની શારીરિક સ્થિતિની થઇ. પરંતુ તેઓની માનસિક આ સ્થિતિમાં કેવી રહી તે મહત્ત્વની વાત છે. તે આપણે તેઓના શબ્દોમાં જ જોઇએ:–"આ અણધારી દુઃખદ ઘટના પ્રસંગે પૂ. મા–પ્રભુની કૃપાથી હું ખૂબ જ શાંત અને સ્વસ્થ રહી શક્યો. એકલો હોવા છતાં મારાં સ્વજનો આવી જાય ત્યાં સુધી જરાય ગભરાયા વિના આવી પડેલ પરિસ્થિતિને અનુકૂળ બનવાની અરે, ઓપરેશન થિયેટરમાં મને લઇ જવામાં આવી રહ્યો હતો ત્યારે નજીકનાં સગાંઓ ઢીલાં થઇ ગયેલ, તેઓને હસ્તે મુખે મેં હિમ્મત આપેલી. ઓપરેશન બાદ અને સમગ્ર હોસ્પીટલવાસ દરમ્યાન મોટા ભાગે મારી માનસિક સ્વસ્થતા ખૂબ રહી. તેનું મને પોતાને પણ અત્યારે ખૂબ આશ્ચર્ય થાય છે. એથી અમારાં સ્વજનોને એનું આશ્ચર્ય થાય એમાં શું નવાઇ! પરંતુ હું જાણતો હતો કે આ બધું પૂ. મા–પ્રભુની કૃપાનું પરિણામ હતું, જેમણે મને અકસ્માત પ્રસંગે કે તે પછી ખાસ શારીરિક પીડા પણ ના થાય, તેની કાળજી રાખેલી. આ વાત કોઇ માને કે ના માને, પરંતુ મારો જાત અનુભવ રહ્યો. એને બીજાઓ માને કે ના માને, તે સાથે કેટલી નિસ્બત?"



પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આ સમયે અમેરિકા હતાં અને તેઓને ઓક્ટોબરના અન્તમાં ભારતથી આ અકસ્માતના સમાચાર મળ્યા. પોતાના બાળકને આવી ઇજા થઇ હોય ત્યારે કયી માતાનું હૈયું હાથ રહી શકે? ત્યારે આ તો જગત્–જનની મા સર્વેશ્વરી. એમનું હૈયું તુરત જ દ્રવી જાય. એટલું જ નહિ પરંતુ આ છોકરાને કોઇ રીતે મુશ્કેલી ના પડે તેનું પણ એ 'મા'એ ધ્યાન રાખ્યું.

ખબર પડતાં જ તેઓએ અમદાવાદનાં શ્રી નરેન્દ્રભાઇ અને દમયંતીબેનને ફોનથી સૂચના આપી કે "શ્રી ધીરજભાઇને રૂબરૂ પ્રસાદનાં ફળો લઇ જાતે જોઇ આવો અને આર્થિક મૂંઝવણ ના અનુભવે માટે રૂા. દસ હજાર પણ આપતાં આવો." સાથે સાથે કહ્યું કે અમદાવાદના બધા સાધક ભાઇબહેનો વારાફરતી તેઓની

ખબર કાઢતા રહે. તેઓનાં સગાંઓને કોઈ વાતની તકલીફ ના પડે તે જોવા ખાસ સૂચનાઓ પૂ. મા ફોનથી આપતાં રહેતાં.

અમે તા. ૧૨ નવેમ્બર ૯૨ ના દિવસે શ્રી ધીરૂભાઈની ખબર હોસ્પીટલમાં જોવા ગયેલ; ત્યારે તેઓને ખૂબ જ સ્વસ્થ જોઈ અમનેય આશ્ચર્ય થયેલું. પણ ત્યારે કલ્પના ન હતી કે તેઓ ફક્ત ચાર જ માસમાં સંપૂર્ણ સ્વસ્થ થઈ, નોકરી ઉપર હાજર થઈ શકશે! જ્યારે પ્રભુ અનુકૂળ હોય કે કોઈ સંત વ્યક્તિની અમીદૃષ્ટિ આપણા પ્રત્યે હોય, ત્યારે સર્વકાંઈ અનુકૂળ થઈ જાય છે. તેનો અનુભવ શ્રી ધીરૂભાઈને થયો. પરિવારનાં સભ્યો તો અનુકૂળ થાય, પરંતુ સાથી કર્મચારીઓ, સત્સંગી ભાઈબહેનો પરિવારના સભ્યો જેટલી જ હૂંફ અને સહાય આપે–જ્યારે આપણે તદ્દન અસહાય હોઈએ ત્યારે, એ ઈશની કૃપા સમજવી કે બીજું કાંઈ!

ચાર માસ પછી અમને જ્યારે તેઓએ નોકરી ઉપર હાજર થઈ ગયાની જાણ કરી, ત્યારે અમને ખરે જ આશ્ચર્ય થયું. એનાથી વધુ આશ્ચર્ય એ વાતનું થયું જ્યારે જાણ્યું કે હવે તેઓ સ્કુટર પણ ચલાવી શકે છે! આસનો પણ કરી શકે છે.

આ ચમત્કાર નહિ તો બીજું શું કહેવાય?

## ક્ષમા યાચના

નવેમ્બર, ૯૩ નો અધ્યાત્મનો અંક દિવાળીના તહેવારો પછી તુરત જ રવાના થશે. તે ગાળામાં ટપાલનો ભારે ભરાવો થતો હોય છે. એટલે અંક થોડો મોડો મળે તો ગ્રાહકો ક્ષમા કરે.

— તંત્રી



# એ આગ ઠારી બાગ લહેરાવવા છે

ડૉ. પ્રકાશ ગજ્જર

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ કહેતા કે "કોઈ વૈદરાજ 'હું બેઠો છું ત્યાં તમારે કોઈ ચિન્તા નહીં કરવાની,' એમ કહે ત્યારે ભગવાન ઉપર બેઠો બેઠો હસતો હોય છે."

ભગવાન એટલા માટે હસતો હોય છે કે વૈદરાજ બેઠેલા જ રહી જાય છે ને યમરાજ વળી એક આત્માને લણીને ઊડી જાય છે.

વૃદ્ધાવસ્થા, રોગ, અશક્તિ અને મૃત્યુ એ ચાર બાબતો પરમાત્માએ પોતાના હાથમાં રાખીને હદ કરી નાખી છે. 'એક પત્તા ભી હિલતા હૈ તો ઉસકી મરજીસે' એ એક મહાવાક્યમાં ઈશ્વરની સર્વશક્તિમત્તાનો સાર આવી ગયો.

અણુઅણુનું સંચાલન પરમના સીધા નિયંત્રણ નીચે છે. એક રજકણને કેટલો સમય એ જ જગાએ રાખવો, એને કેટલી વાર અવળોસવળો ફેરવો, ક્યારે ક્યાં ફંગોળવો ને પછી કેવી રીતે સ્થિર કરવો એની પરમને બરાબર ખબર હોય છે. હકીકતમાં સમગ્ર બ્રહ્માંડના અણુએ અણુના અનંતકાળ સુધીના સૂક્ષ્મતમ આયોજનવાળા નકશા એ વિરાટના કેન્દ્રમાં તૈયાર હોય છે. પેલો મર્મી આત્મા જિબ્રાન કહેતો તેમ "જે પરમાત્મા વિરાટ સૂર્યમંડળો અને ગ્રહમાળાઓનું નિયંત્રણ કરી અખિલ બ્રહ્માંડનું સંચાલન કરે છે એ જ, એટલી જ ચીવટથી પતંગિયાની બે પાંખો ઉપર બરાબર સામસામે બે રંગબિન્દુ ગોઠવવાનું આયોજન પણ કરે છે."

આવા પરમાત્માના સામ્રાજ્યમાં આપણે જીવીએ છીએ, એના

વિરાટ વૃંદાવનમાં મ્હાલીએ છીએ, એ શું જેવીતેવી વાત છે?

આપણે એનો આનંદ માનવાનો, નિર્ભાર બનીને સમર્પણ-શીલ જીવન જીવવાનું, એના તમામ રંગ ઝીલવાના અને વ્યક્ત કરવાના. પરમના પ્રતિનિધિ બનીને ધરતીને ઉજમાળી કરવાની ને જાતે ધન્યતાનો અનુભવ કરતા જવાનું.

એમાં અભિમાન માટે સ્થાન ક્યાં રહે છે? "મારા જેવું કોઇ જ નહીં," એવો દાવો કેવી રીતે ટકી શકે? ને પાણી વલોવવા જેવી આ અહંતાની ઘૂમરીઓનો લાભ શો? સ્વાભિમાન કે અસ્મિતાના નામે પાછલે બારણે થઇને એના કાંટા આપણા જીવનમાં પેસી ના જાય, પોતાને અંદરથી છોલી ના નાખે ને પરિચયમાં આવનાર સહુ કોઇને વાગતા ના જાય, એ જોવાની જવાબદારી સહુ સહુની આગવી જ.

મને યાદ આવે છે એક બૌદ્ધ સાધુ. એ વડની ડાળીએ ઊંધો લટકીને નીચે સળગાવેલા ધૂણા ઉપર પંચાગ્નિ—તપમાં શેકાતો હતો. એના ગુરુભાઇને આ સમાચાર મળતાં એ ત્યાં પહોંચી ગયો ને પેલાને પૂછ્યું, "તું શું કરવા ધારે છે?"

"હું તથાગત બુદ્ધથી પણ મોટો સિદ્ધ થવા માગું છું," પેલાએ જવાબ આપ્યો.

"એ વાત તો ઘણી આઘી કહેવાય. પણ હમણાં તું આ ફૂલીને ફાળકો થઇ ગયેલા તારા મોટામસ અભિમાનને જરા નાનું કરે તો સારું."

એમનો સંવાદ તો આગળ ચાલે છે. પણ આપણે પેલા સમજવાળા ગુરુભાઇનો સંદેશ ઝીલી લઇએ એટલે એક પાયો રચાઇ જાય.



ખરેખર, અહમ્‌ને ઓછું કરવાની જરૂર છે. એને સાવ ઘસીને શૂન્ય બનાવી દેવાય તો તો જાણે ગંગા નાહ્યા. પણ એમ ના બને ત્યાં સુધી એની બનાવટી પાંખો કાપવાનો ઉદ્યમ ચાલુ રાખવાનો.

જ્યારે પણ અહંતા માથું ઊંચકે ત્યારે વિચારવું : "મારા હાથમાં શું છે? હું મારી ઇચ્છાથી ભૂખ લગાડી શકું છું? મારી ધારણા પ્રમાણે પાચન થાય? ત્રણ કોડીના બગાસાને હું રોકી શકું ખરો? શરીર ઉપર મારો કેટલો કાબૂ? સૂક્ષ્મતમ આયોજન છતાં કાલે શું થશે જ, એના વિષે નિશ્ચિત કહી શકું ખરો? અરે, આ ક્ષણ પછી શું ઘટના બની શકે એનો મને કોઇ અંદાજ છે?"

કોણ, ક્યારે, શું કરશે એની ખબર નથી. શું છે આપણા હાથમાં? તો આ તોફાન શાનાં? આ દાવા શા માટે? પોતાના આ ફૂલેકા શું કામ ફેરવવાનાં? આનંદ આવે છે એટલા માટે? પણ ફૂલેકા ઊતરે ત્યારે પણ કોઇ નોંધ નથી લેતું, એના દુઃખનું શું? અને આનંદ? અરે અકલ્પ્ય આનંદો રાહ જુએ છે આપણી અંદર ને આસપાસ. એમાં પાછો કોઇનાય ઉપર આધાર નહીં રાખવાનો, કોઇના પ્રમાણપત્ર માટે લાલચ નહીં, કોઇની સામે રગરગવાનું નહીં.

ઓહ! આ કેવી વિષમ વાત છે કે જે પોતાનું છે એને ભૂલીને ભીખ માગીએ છીએ; ને જે પોતાનું નથી એનાં ફૂલેકાં ફેરવીને ફૂલાઇએ છીએ. પાછા બુદ્ધિશાળી હોવાનો દાવો તો ખરો જ. આપણને કોણ ઉગારે?

યાદ આવે છે એક દાર્શનિકનું આહ્‌વાન, એનો પ્યારભર્યો લલકાર : "પોતાની જાતે બની બેઠેલા ઓ ભિખારી! તારી આંખો

ઉઘાડ, તારા વારસાને ઓળખ, અંદર સૂતેલા સત્ત્વને જાણ. તારામાં પરમાત્મા પોઢેલો છે. એને જગાડ ને સમ્રાટનો સમ્રાટ બની જા."

મારે આનાથી પણ આગળની એક વાત કહેવી છે. જીવનયાત્રામાં દડમજલ કરતાં કરતાં એક મંઝિલ એવી પણ આવે છે જ્યાં સમ્રાટ થવાના ધખારા પણ ઓસરી જાય છે. શું કરવું છે સમ્રાટ થઈને? કેટલાને નાના ગણીશું? કેટલાને મનોમન તિરસ્કારીશું? ના ભાઈ, એવી તરંગરમણાઓ નહીં ચાલે. ઊલમાંથી ચૂલમાં નથી પડવું. જિંદગીમાં માંડ માંડ ઊઘડેલી આંખ ઉપર નવા પાટા નથી બાંધવા.

આવો, અનુભૂતિના એક નવા જ તેજોમય પંથે ડગ ભરવાનું હાર્દિક નિમંત્રણ આપું છું. તમને એવી જીવનકળાની ભેટ આપું જ્યાં પગલે પગલે પરમેશ્વર પ્રગટે, જ્યાં કાંટા પણ કોમળ બનીને સુગંધ છલકાવે, જ્યાં અવરોધક પથ્થરો શિખરારોહણ માટેનાં સોપાન બની જાય.

પધારો એવા જ્યોતિર્મય પંથે...

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.



## * લાધી ગયો રે સાર *

અમને લાધી ગયો રે સાર
હવે મીઠો લાગે સંસાર!
મળ્યા રે અમને નર જાગતા
પંથે ઝળહળ્યા રે નૂર.

ડગલે ને પગલે અમે ચાલિયા
અંતરિયે ફરી વળ્યાં પૂર—
સઘળા કાદવ ધોવાયા મોઝાર!
અમને લાધી ગયો રે સાર
હવે મીઠો લાગે સંસાર!

ડૂબી મરતાં રે ઊભા કાંઠડે
નિજમાંહે બૂડે તે તરે!
સતના મોતીડાં તે પામતા
તેને રે પગ જગ પડે!

મન મૂકી રે જે લૂંટવે,
મળતો તેને અનહદ પ્યાર!
એવો લાધી ગયો રે સાર
હવે મીઠો લાગે સંસાર!

— પરમાર્થી

# અધ્યાત્મવિદ્યા

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

અધ્યાત્મવિદ્યાની સાધના કરનાર સાધક–જિજ્ઞાસુએ પ્રથમ અધ્યાત્મવિદ્યા વિશે પૂરેપૂરું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ગાયું છે કે સર્વ પ્રકારની વિદ્યા-ઓમાં અધ્યાત્મવિદ્યા મારી વિભૂતિ છે. **અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્** (૧૦–૩૨)

વિદ્યા એટલે અમુક અધ્યયન સામગ્રી દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન. આવું જ્ઞાન વિશ્વલક્ષી, સમાજલક્ષી, વ્યક્તિલક્ષી, મનલક્ષી કે આત્મલક્ષી હોઇ શકે. આવું જ્ઞાન સ્થૂળ તથા સૂક્ષ્મ હોઇ શકે. આવું જ્ઞાન ભૂતકાળનું, વર્તમાનકાળનું કે ભવિષ્યકાળનું પણ હોઇ શકે.

આવી તમામ પ્રકારની વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા ઉત્તમ ગણાઇ છે.

અધ્યાત્મવિદ્યા એટલે આત્મા તરફ, આત્મસાક્ષાત્કાર તરફ લઇ જનારી વિદ્યા. અધ્યાત્મવિદ્યા એ પાંચ પ્રકારની સંહિતા–ઉપાસનાઓમાંની એક ગણાય છે. આ પાંચ પ્રકારની વિદ્યાઓમાં પ્રથમ વિદ્યા છે અધિલોકવિદ્યા. અધિલોકવિદ્યા એટલે પૃથ્વી, આકાશ અને વાયુની વિદ્યા.

અધિજ્યોતિષ વિદ્યા અગ્નિ, સૂર્ય, જલ અને વિદ્યુતની વિદ્યા.

અધિવિદ્યા એટલે આચાર્ય, માતા તથા પિતા પાસેથી મળતી વિદ્યા.



અધિપ્રજાવિદ્યા એટલે પ્રજા વિશેની વિદ્યા.

આ સર્વથી ઊંચી પાંચમી વિદ્યા તે અધ્યાત્મવિદ્યા વેદોની વાણી દ્વારા પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ અધ્યાત્મવિદ્યા વેદોનો સાર છે. અધ્યાત્મવિદ્યા એટલે આત્માને લગતું જ્ઞાન. આધ્યાત્મિક સાધના કરનારે સહુ પ્રથમ આત્મા વિશે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. આત્મા વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રથમ ચિંતન દ્વારા અંતિમ સત્યની શોધ કરવી જોઇએ.

અંતિમ સત્યની શોધ કરવા માટે વિશ્વમાં નિત્ય શું છે અને અનિત્ય શું છે તે વિશે પ્રથમ ચિંતન કરવું જોઇએ. વિશ્વમાં જે કંઇ અનિત્ય છે. અર્થાત્ જે જન્મે છે, વિસ્તાર પામે છે અને વિનાશ પામે છે તે શું છે તેનું જ્ઞાન મેળવવાથી જે નિત્ય છે તે સમજાઇ જાય છે અને આત્મા નિત્ય છે તેનું જ્ઞાન થાય છે. આ નિત્ય એવો આત્મા બીજા કયા ગુણો ધરાવે છે તેની સમજ વેદો, ઉપનિષદો, ગીતા આદિનો અભ્યાસ કરવાથી સમજાય છે. આવા આત્મજ્ઞાનને પરાવિદ્યા પણ કહેવાય છે. આવા આત્મજ્ઞાનથી જ પરમાત્માનું જ્ઞાન થાય છે.

અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની લાયકાત વિશે યોગવાસિષ્ઠમાં કહ્યું છે કે મનુષ્ય પ્રથમ નિશ્ચય કરે કે હું બંધનમાં પડેલો હોવાથી મારે મુક્ત થવાનું છે, મારે મોક્ષ પામવાનો છે તે જ મનુષ્ય અધ્યાત્મવિદ્યા પ્રાપ્ત કરે છે. પરંતુ મનુષ્ય સાવ અજ્ઞાની હોય કે કેવળ સમાજમાં વિદ્વાન્ ગણાતો હોય તે અધ્યાત્મવિદ્યા પ્રાપ્ત કરવાને લાયક નથી.

માત્ર અધ્યાત્મજ્ઞાનથી જ પૂર્ણતા આવતી નથી. અધ્યાત્મ-વિદ્યા કેવળ સાધન છે. આત્માનુભૂતિ–આત્મસાક્ષાત્કાર એ જ અધ્યાત્મવિદ્યાનું ધ્યેય છે.

**અહં બદ્ધો વિમુક્તઃ સ્યામિતિ યસ્યાસ્તિ નિશ્ચયઃ**
**નાત્યન્તમજ્ઞોનો તજ્જ્ઞઃ**
**સોઽસ્મિન્ શાસ્ત્રેઽધિકારવાન.** (યોગવાસિષ્ઠ ૧–૨–૨)

વળી જેમ સાધક સાધનચતુષ્ટયથી પૂર્ણ બને તે જ અધ્યાત્મ-જ્ઞાન દ્વારા આત્મસાક્ષાત્કારનો અધિકારી બને છે. સાધનચતુષ્ટય અર્થાત્ વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ (શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ તથા મુમુક્ષા–મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવે તે જ વ્યક્તિ અધ્યાત્મજ્ઞાન માટે યોગ્યતા ધરાવે છે. આ સાધનચતુષ્ટય બહિરંગ અર્થાત્ બહારની સાધના કહેવાય છે.

અધ્યાત્મજ્ઞાન તથા આત્માના સાક્ષાત્કારની બીજી લાયકાત તે અંતરંગ સાધન કહેવાય છે. સાધક–મુમુક્ષુ માટે શ્રવણ, મનન તથા નિદિધ્યાસન એ અંતરંગ સાધન છે. નિદિધ્યાસન એટલે ધ્યાન.

આત્મસાક્ષાત્કાર માટે જરૂરી એવા આ ગુણો આપણે વિસ્તારથી સમજી લઇએ. વિવેક એટલે સાર–અસારનો ભેદ પારખવાની શક્તિ. હંસ જેમ દૂધ અને પાણીને અલગ કરી માત્ર દૂધ જ પીએ છે તેમ માત્ર પ્રિય લાગતી પણ પરિણામે દુઃખદાયી વસ્તુનો ત્યાગ કરી અંતિમ કલ્યાણ કરે તેને જ વળગવું તે વિવેક કહેવાય.

વૈરાગ્ય એટલે નાશવંત પદાર્થોમાંથી વૃત્તિને પાછી ખેંચી લેવી તે.

વૃત્તિઓથી ગેરમાર્ગે દોરાઇ જવાને બદલે એમનું શમન કરવું તે શમ કહેવાય. આવા વિતર્કો બાધા ઉત્પન્ન કરે ત્યારે એનાથી વિરુદ્ધ પ્રકારની વૃત્તિ કરવાથી ઇન્દ્રિયો વિષયોમાં જવાને



બદલે વિષયમાં વિલીન થાય છે. (વિતર્કબાધને પ્રતિપક્ષભાવ-નમ્–પતંજલિ)

દમ એટલે વૃત્તિઓનું એકાંત, ઉપવાસ આદિથી દમન કરવું.

તિતિક્ષા એટલે અનિવાર્ય વૃત્તિઓમાં મોહ રાખ્યા સિવાય એમને સહન કરી લેવી.

શ્રદ્ધા એટલે આત્મા તથા પરમાત્મામાં પરમ વિશ્વાસ રાખવો.

સમાધાન એટલે મનમાં જે કોઇ તર્કવિતર્ક ઉત્પન્ન થાય તેમનું સાચું સ્વરૂપ સમજવું.

ઉપરતિ એટલે ચિત્તને વૃત્તિઓમાંથી પાછું વાળી લેવું.

મુમુક્ષા એટલે મોક્ષની અભિલાષા.

આટલી સાધના ઉપરાંત જેમણે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હોય એવા પરમ પૂજ્ય યોગેશ્વરજી જેવા સિદ્ધયોગીઓ પાસેથી એમના અનુભવોનું શ્રવણ કરવું જોઇએ, એના પર ચિંતન કરવું જોઇએ તથા આત્મધ્યાન કે પરમાત્માનું ધ્યાન ધરવું જોઇએ.

આમ અધ્યાત્મવિદ્યા ઉપરાંત અનુભૂતિ માટે સાધના કરવી જોઇએ કારણ કે અધ્યાત્મવિદ્યા તેનું સાધન છે.

પરંતુ માત્ર અધ્યાત્મજ્ઞાનથી જ ધ્યેયની સિદ્ધિ થતી નથી. આથી જ કહ્યું છે કે **ક્રિયાયોગેન સિદ્ધિઃ સ્યાત્ અક્રિયસ્ય કથં ભવેત્** ક્રિયાયોગથી–આધ્યાત્મિક સાધનાથી સિદ્ધિ મળે છે પણ માત્ર જ્ઞાનથી નહીં.

# પત્ર પ્રસાદી

સુરેશભાઈ શાહ

## પત્ર–૧૭ : માયા કઠિન છે

પત્રલેખન કળા છે, પોતાના વિચારો અને ભાવોને સુવ્યવસ્થિત રીતે પ્રકટ કરવાનું ઉત્તમ માધ્યમ છે. આળસ અને પત્ર લખવાના અણગમાને કારણે અત્યારનો સમાજનો મોટો ભાગ તેનાથી ઉપેક્ષિત થયો છે. અને પત્રલેખનની કળાનું અવમૂલ્યન થતું જોવામાં આવે છે. લોહાણા બોર્ડીંગ, વડોદરાથી તા. ૨૨ જૂન ૧૯૯૨ ના પત્રમાં "માયા" વિષે પોતાના વિચારો પ્રદર્શિત કરતાં પૂ. શ્રી જણાવે છે કે, માયા કઠિન છે. મમ માયા દુરત્યયા... અભ્યાસને વૈરાગ્યનું બળ હોય તો જ તેને જીતી શકાય. પણ તે ના જ હોય તો? તેને માટે વિનાશ જ છે. "સ્વામી" કાંઈ નામ માત્ર ધરવાથી થવાતું નથી. સ્વામી તો જે ઈન્દ્રિયોનો સ્વામી થયો છે તેજ થઈ શકે છે. જીવનને જ આત્મદેવનું તીર્થ માનીને જેણે પોતાની અખિલ આરાધનાને ફક્ત એ દેવને જ ચરણે ઢાળી છે, તે જીવનને શુદ્ધિની ભઠ્ઠીમાં હોમી દઈને જેણે પરમજ્ઞાનનું નવનીત ઉતારી લીધું છે તે જ જીવનતીર્થ થઈ શકે છે. એવો માણસ આખી સૃષ્ટિનો સ્વામી થઈ શકે છે. એવી કયી વસ્તુ છે કે તેને ચરણે ના નમે? ભલભલા શહેનશાહોની પણ તેની આગળ કાંઈ વિસાત નથી. પણ લોકોનો બહુ જ ઓછો ભાગ આ સમજે છે.

યોગ તથા યોગીઓની સમાજમાં ચાલતી ભ્રમિત માન્યતા ઉપર પ્રહાર કરતાં પૂ. શ્રી પોતાની ૨૧ વર્ષની યુવાનવયે



લખાએલા આ પત્રમાં પોતાના વિચારો પ્રદર્શિત કરતાં જણાવે છે કે, મોટાભાગના કહેવાતા યોગીઓ યોગની થોડીક ક્રિયાઓને જાણી લે એટલે વાળ વધારવાનું શરૂ કરીને એકાદ આશ્રમને ખોલી નાંખે છે ને સ્વામી થઈ જાય છે. શું યોગ વાળમાં છે? તેમ જ તે શું કાંઈ યોગની નજીવી ક્રિયાઓમાં છે? એમ હોત તો તો બધાય વાળ રાખવા ને નાકમાં દોરડાં ઘાલવા મંડી જાત. પણ તેવું નથી. યોગ તો આત્માની મૂંગી ભાષા છે. ને જેટલા પ્રમાણમાં જગતમાં વહેતા ચૈતન્ય સાથે તાદાત્મ્ય અનુભવાય તેટલા પ્રમાણમાં તે સધાયો છે તેમ જણાય છે. ખરી રીતે દંભ, અભિમાન, અહંતા, કઠોરતા વગેરે આસુરી સંપત્તિના ગુણોને કાઢી નાંખીએ ને તેને સ્થાને દયા, પ્રેમ, શાંતિ, જેવા દૈવી સંપત્તિના ગુણોને લાવીને આખા વિશ્વસાથે આપણે એક થઈ જઈએ કે આખી પૃથ્વીમાં આપણો પ્રેમ પ્રકટાવીએ ત્યારે જ યોગ શરૂ થાય છે. એ પછીની સ્થિતિમાં તો માણસ ગમે તેવાં દુન્યવી પ્રલોભનોથી પણ ચલિત થતો નથી, માન–અપમાન, સુખદુઃખ, વગેરે દ્વંદ્વોમાં સમ રહે છે, તો પછી આવા વેશપલટાનું તો સ્થાન જ ક્યાં છે?

પોતાની યોગ અને ત્યાગની ભાવના તેમ જ પ્રબળ આત્મશક્તિને કારણે જ પૂ. શ્રી આજીવન આશ્રમો સ્થાપવા, સંપ્રદાયો કે મઠો સ્થાપવાની ચીલાચાલુ પદ્ધતિઓથી અલિપ્ત રહી શક્યા અને શ્વેતવસ્ત્રધારી રહી નિર્લેપ જીવન જીવી શક્યા. બાહ્યજગતના અતિવિલાસી અને વિનાશી પદાર્થોની પ્રાપ્તિ પાછળ નહીં પડતાં પોતાનું સમગ્ર જીવન અવિનાશીપણાની પ્રાપ્તિ માટે વ્યતિત કર્યું. કેવું દૃઢ મનોબળ, કેવી અદ્‌ભુત ત્યાગવૃત્તિ અને અયાચકપણું!

ગીતા ઉપરના શંકરભાષ્યમાં રહેલા ગીતાના સારને સમજાવતાં પૂ. શ્રી જણાવે છે કે, ગીતાનો સંદેશ પણ આજ છે :

યોગી બનો. આત્માની આગળ જે અશુદ્ધિનું પડળ છે તેને હરરોજની સાધના કરીને કાઢી નાંખો ને સર્વ ઠેકાણે રહેલા ચૈતન્યનો અનુભવ કરો. એ વિના કોઇને શાંતિ પ્રાપ્ત થતી નથી કે કોઇને સુખ મળતું નથી. અત્યારે આપણા જીવનમાં જે પોકળતા, નિર્બળતા ને શિથિલતા લાગે છે તેનું કારણ આપણું અજ્ઞાન જ છે. જો આપણી સૌરગમાં 'આપણે છીએ' એ ધ્વનિ ઊતરી જાય તો આપણામાં નવીન બળનો સંચાર થાય. જો માણસ જાણી લે કે તે અવિનાશી આત્મા છે તો તેને મૃત્યુનો ડર રહે ખરો કે? એક વાર એ સમજી લે કે તે અખંડ આનંદ છે તો શું તે ક્ષણિક એવા આનંદના અંશમાત્રને મેળવવાને ઈન્દ્રિયોના વિષયોમાં પડે? દેહના મંદિરમાં અંતરના આસન પર તે બેઠો છે, ગમે તેટલો ઊંચે બેઠેલો મોટો બાદશાહોનો પણ બાદશાહ હોય તો ય તે તેનાથી ડરશે ખરો કે? તે તો સર્વમાં પોતાનો આત્મા જોશે ને સર્વનાં દુઃખને દૂર કરવાને નીકળી પડશે; તે ખરે જ દીનબંધુ થશે. પછી તેને માયા ક્યાંથી બાંધી શકશે? ગીતાનો હજારો વરસોથી ગવાયેલો આ સંદેશ આપણે સાંભળ્યો નથી. નહિ તો આપણી આ સ્થિતિ હોત?

### પત્ર–૧૮ : સંયમ એજ શોભા

આધુનિક જમાનાની શોભાની વ્યાખ્યાને, પૂ. યોગેશ્વરજીના સંયમ એ જ શોભા, એ અભિગમ સાથે સુસંગતા નથી. સંયમ વાણીનો, સંયમ વ્યવહાર અને વિચારોનો, સંયમ ભાષાનો અને વર્તનનો પૂ. શ્રીની દૃષ્ટિએ અગત્યનો છે. સારાં વસ્ત્રો, ઘરેણાં અને આભૂષણો એ માનવને સાચી શોભા આપતાં નથી. પૂ. શ્રી ઇતરવાંચન ઉપર ખૂબ જ ભાર મૂકે છે અને શ્રી નારાયણભાઇને, લોહાણા બોર્ડીંગ, વડોદરાથી લખાએલા આ પત્રમાં જણાવે છે કે,



પૂ. શ્રીએ સ્વામી વિવેકાનંદનું જીવન, પાતંજલ યોગદર્શન તથા મણિરત્નમાલા વાંચ્યાં છે, અત્યારે હ્યુએનસંગ વાંચે છે. સ્વામી વિવેકાનંદનું જીવન ખરે જ અદ્‌ભુત છે. તેમની નિઃસ્પૃહતા વિષે પણ કંઇ કહેવાનું નથી. તેમની વૈરાગ્યવૃત્તિ તો ખરે જ આશ્ચર્ય-ચકિત કરનારી છે અને તેમનો જુસ્સો અજબ હતો. તેમ પૂ. શ્રી જણાવે છે.

યુવાનપેઢીને સંદેશો આપતાં પૂ. શ્રી જણાવે છે કે રામતીર્થના વિદ્યાર્થી જીવનમાં જે સાદાઇ ને સંયમ જડે છે તે બીજે કેટલેક ઠેકાણે જડશે? ખરું કહીએ તો આપણે યુવાન છીએ પણ આપણામાં યુવાની નથી, મનોબળ નથી, કોઇ આદર્શ માટે મરી ફીટવાની તમન્ના નથી, સંયમી જીવન નથી. મહાન પુરુષોનાં જીવન આપણે વાંચીએ છીએ પણ તેથી શું? તેની અસર આપણા હૃદયમાં ઉતરે ત્યારે જ સાચું વાચન થયું ગણાય.

પૂ. શ્રી જણાવે છે કે સમાજનો સામાન્યમાં સામાન્ય માનવ મહાન થઇ શકે છે તેને માટે કાંઇ ડીગ્રીની (ઉપાધિની) કે પ્રખ્યાતિની જરૂર પડતી નથી. જે સ્થિતિ બુદ્ધે પ્રાપ્ત કરી હતી તે આપણે પણ પ્રાપ્ત કરી શકીએ ને જે સ્થિતિએ ગાંધીજી પુજાય છે તે સ્થિતિએ આપણે પણ સ્થિત થઇ શકીએ. ઈશુ તો શું તેનાથી પણ ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાએ પહોંચી શકીએ. માત્ર તે માટે આપણો પ્રયાસ જોઇએ. પણ કરુણાની વાત એ છે કે અત્યારે તો આપણી આજુબાજુના શત–વધિ લોકો માત્ર દુન્યવી વ્યવહારમાં જ મગ્ન છે. નાનું બાળક હોય તેને શાંત રાખવા તેની આગળ એક માટીનું રમકડું મૂકીએ એટલે તે રમે અને શાંત થઇ જાય. તેને બિચારાને ઓછી જ ખબર છે કે એ રમકડાનું બાળક તે તેના જેવું સાચું બાળક નથી? આવી જ સ્થિતિ આ દુનિયાના

લાખો લોકોની છે. જે અસત્ય છે તેને સત્ય માનીને પેલા નાના બાળકની પેઠે તેઓ રમ્યા કરે છે, ભૌતિક સમૃદ્ધિ અને ભૌતિક સંપત્તિએ માણસને એટલો બધો જકડી લીધો છે કે તેને તે બંધનરૂપ છે કે નહિ તે પણ ખ્યાલમાં નથી આવતું. આ પરાધીનતા ને નિર્બળતા ઓછી છે?

સુધરેલા, સુશિક્ષિત કહેવાતા સમાજની ટકોર કરતાં પૂ. શ્રી જણાવે છે કે અત્યારે તો જેમ વધારે સંપત્તિ તેમ વધારે ધનભાગ્ય જેમ ઊજળાં ને વધારે કપડાં તેમ વધારે શિક્ષિત; આજ વિચારો આપણા લોકોમાં ઘર કરી બેઠા છે. (ક્રમશઃ)

('હિમાલયના પત્રો'માંથી)


અંબાજીમાં ક્યાં ઉતરશો?

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦




પરમ તેજ, પરમ આનંદ ને ઉલ્લાસનું પર્વ

# દીપોત્સવી

કમલ સુથાર

પરમ તેજની પ્રાપ્તિનું પર્વ એટલે દીપોત્સવી. પરમ આનંદનું પર્વ એટલે દીપોત્સવી. પરમ ઉલ્લાસનું પર્વ એટલે દીપોત્સવી. દીપમાલાઓનું પર્વ એટલે દીપોત્સવી. દીપનો ઉત્સવ એટલે દીપોત્સવી.

જ્ઞાન એ તેજ છે; પરમ તેજ છે. આત્મજ્ઞાનનો દીપ હૃદયમાં પ્રગટ થતાં અજ્ઞાનરૂપી અંધકાર અલોપ થાય છે. આસુરીતત્ત્વો ઉપર દૈવી તત્ત્વોનો વિજય અને આ વિજયના ઉલ્લાસનું પર્વ એટલે દીપોત્સવી.

સત્ય એ પરમ તેજ છે. અસત્ય એ અંધકાર છે. સત્યથી જ જીવન દીપે છે. તેજસ્વી બને છે. સાર્થક બને છે. અસત્યના અંધકારથી જીવન નરક સમાન બને છે. આ સત્યરૂપી પરમ તેજની પ્રાપ્તિનું પર્વ એટલે દીપોત્સવી.

સ્નેહ, સદ્ભાવ, સૌજન્ય, દયા, ત્યાગ, ઔદાર્ય, કરુણા, એ માણસાઈનું તેજ છે. પ્રેમ એ પરમ તેજ છે. પરમ અજવાળું છે. આ ગુણ–દીપના પરમ અજવાળાથી જીવન ઝળાંહળાં બને છે.

માનવ–શરીર એ તો ભગવાનને બિરાજવાનું પરમ મંદિર છે. આ માનવ–શરીર મંદિરને સ્વચ્છ રાખવું, પવિત્ર રાખવું, તેને ઉમદા માનવીય–ગુણ–દીપમાલાઓથી તેજસ્વી બનાવવું એ બુદ્ધિમાનનું લક્ષણ છે. જીવનમાં આવી પરમ–માનવીય ગુણ–દીપ–માલાઓ પ્રગટાવવાનું પર્વ એટલે દીપોત્સવી.

વેર–ઝેર એ અંધકાર છે. ઈર્ષા–દ્વેષ એ અંધકાર છે. છલ–કપટ એ અંધકાર છે. જૂઠ એ મહા અંધકાર છે. આ અજ્ઞાન–અંધકારમાં સબડતાં–હવાતિયાં મારતાંમનુષ્યો કદીય સુખી થતાં નથી. આવાં અજ્ઞાન–અંધકારમાં આથડતાં ઘાત–પ્રતિઘાતમાં કૂટાઇ પાશવિક ભૂમિકા ઉપરથી ઊંચે ઊઠી માનવીય ભૂમિકા ઉપર ચડવાનું, દૈવી ભૂમિકા પ્રાપ્ત કરવાનું પર્વ એટલે દીપોત્સવી. અને આવી ભૂમિકા પ્રાપ્ત થતાં મનુષ્ય સુખી બને છે. પરમ આનંદ ને ઉલ્લાસથી સભર બને છે. અને જીવન ધન્ય બને છે. આ પરમ ઉલ્લાસની પ્રાપ્તિનું પર્વ એટલે દીપોત્સવી.

ભારતમાં વર્ષાન્તે આ ઉત્સવ પ્રાચીનકાળથી ખૂબ ધામધૂમથી ઉજવાય છે. વર્ષનો છેલ્લો દિવસ એટલે દીપોત્સવી. આસો વદી અમાસ એ દીપોત્સવી ગણાય છે. અમાસની રાત્રિના ગાઢ અંધકારમાં ઘેર–ઘેર દીપમાલાઓ પ્રગટે છે. રોશની થાય છે. ઠેર ઠેર જલતી દીપમાલાઓના તેજથી અંધકાર અલોપ થાય છે. આ અંધકારને ઉલેચી અજવાળું રેલાવવાનું પર્વ એટલે દીપોત્સવી.

દીપોત્સવીના થોડા દિવસ અગાઉથી જ લોકો ઘરને વાળી–ઝૂડી સાફ કરે છે. ઘર શણગારે છે. વાસણો માંઝે છે. ઘરને સ્વચ્છ ને સુંદર બનાવે છે. દીપોત્સવીના દિવસે મીઠાઇઓ બને છે. આબાલ–વૃદ્ધ સૌ નવાં વસ્ત્રો ધારણ કરી આનંદથી હળીમળી એકબીજા સાથે સ્નેહ–સદ્ભાવથી બેસી મિષ્ટાન્ન જમે છે. ને રાત્રે ફટાકડા ફોડી આનંદ વ્યક્ત કરે છે. એકબીજા પ્રત્યે આત્મીયતા બતાવવાનું પર્વ એટલે દીપોત્સવી.

રાત્રે લક્ષ્મીપૂજન થાય છે. વર્ષભરના નફા–નુકસાનનું સરવૈયું મેળવાય છે. દીપોત્સવી પછી નવા વર્ષથી નવા કાર્યના



આરંભ માટેની વિચારણા થાય છે. જીવનને વધુ ને વધુ ગતિશીલ, પ્રગતિશીલ બનાવવા માટેના નવા નિર્ણયો કરે છે. આ નવા નિર્ણયોને સિદ્ધ કરવા માટે આળસ, પ્રમાદ છોડી પ્રામાણિક પુરુષાર્થનો પ્રારંભ કરવાનું પર્વ એટલે દીપોત્સવી.

ઉમદા ધ્યેયહીન, આંધળી દોટમાં મનુષ્યો જીવન વેડફી નાંખે છે. આ આંધળી દોટમાંથી થોભી વિવેકપૂર્વકની વિચારણા–ચિંતન કરવાનું પર્વ એટલે દીપોત્સવી. સાર શું અને અસાર શું, શાશ્વત શું અને નશ્વર શું, નીતિ શું અને અનીતિ શું, સત્ય શું અને અસત્ય શું, પશુતા શું અને માણસાઇ શું, જ્ઞાન શું અને અજ્ઞાન શું, પરમ તેજ શું અને અજ્ઞાન અંધકાર શું, આ બધાનો ભેદ, સૂક્ષ્મભેદ પારખવાનો શુભ અવસર એટલે દીપોત્સવી. આ ભેદ પારખી, પરમ વિવેકી દૃષ્ટિ રાખી, શાશ્વત તેજની પ્રાપ્તિ માટેના પરમ પુરુષાર્થનું પર્વ એટલે દીપોત્સવી.

નવા વર્ષે નવા નિર્ણયો થાય છે. નવું જોમ, નવો ઉત્સાહ, નવીન ધગશથી નવીન કાર્યોનો પ્રારંભ થાય છે. ભૌતિકતાના અંધકારમાં અટવાયા સિવાય જે પરમ જ્ઞાન, પરમ વિવેકથી જીવન જીવે છે તે જ પરમ તેજની પ્રાપ્તિનો પરમ અધિકારી બને છે. એના જીવનમાં પરમ જ્ઞાનનો દીપ પ્રગટે છે.

આ પરમ દીપના પ્રાગટ્યનું પર્વ એટલે–દીપોત્સવી. દીપોત્સવી જીવનમાં આનંદ પ્રગટાવે છે, ઉલ્લાસ પ્રગટાવે છે, ઠેર ઠેર અંધકારમાં દીપમાળાઓ પ્રગટાવી રોશની પાથરે છે. ઠેર ઠેર આ રોશની રેલાવવાનું પર્વ એટલે દીપોત્સવી.

દીપોત્સવી પરમ તેજનું પર્વ છે. પરમ આનંદ ને ઉલ્લાસનું પર્વ છે. આળસ ને પ્રમાદ છોડી નિષ્ક્રીયતા છોડી, પ્રામાણિક

પુરુષાર્થ, પરમ પુરુષાર્થથી જીવનને પરમ ચેતનાયુક્ત બનાવવાનું પર્વ એટલે દીપોત્સવી.

જીવનને ઊર્ધ્વગતિ તરફ લઇ જઇ, જીવન તેજસ્વી બનાવી, જીવન સફળ બનાવવાની પ્રેરણાનું પર્વ એટલે દીપોત્સવી.

દીપોત્સવી પરમ તેજ, પરમ ચેતના, પરમ આનંદ ને ઉલ્લાસની પ્રાપ્તિનું પરમ પર્વ છે.

## * ચૂંટેલાં પુષ્પો *

ભગવાન વિનાનું જીવન એક દુઃખપૂર્ણ ભ્રમણા છે, ભગવાનના સાથમાં બધું જ આનંદમય છે.

* * *

ભગવાનના બાહુઓમાં વિશ્રાંતિ લેતાં બધી મુશ્કેલીઓનો નિકાલ આવી જાય છે, કારણ કે આપણને આશ્રય આપવા માટે એ બાહુઓ હમેશાં પ્રેમપૂર્વક પ્રસરેલા છે.

* * *

ભગવાન તરફ વળો, તમારાં સર્વ દુઃખો અલોપ થઇ જશે.

**માતાજી મીરા**



# શરણાગતિ–રહસ્ય–આધીનતા

**ધીરજલાલ જી. મોઘરિયા**

શરણાગતિ એટલે સાચા અર્થમાં પ્રભુના શરણાગત બનવું. એટલે કે પોતાપણું ભૂંસીને એક પ્રભુને જ અધીન થઇને રહેવું. તેનાં સારુ સર્વસમર્પણ કરવું. પોતાની જાત સુદ્ધાં તેના સારુ ભૂલી જવી. સાચી શરણાગતિ એ જ છે કે જેમાં અહમ્ શોધ્યોય જડે નહિ, હૈયું પ્રભુપ્રેમથી તરબતર જ રહે, અહોનિશ પ્રભુનું સંધાન, વિરહથી વ્યાકુળતા, પ્રભુ માટે સર્વસ્વ હોમવાની તાલાવેલી, આ બધાં સાચાં શરણાગતનાં લક્ષણો છે. આ બધું કેવી રીતે થાય? કેવી તૈયારી કરવી જોઇએ આના માટે?

શરણાગત બનતાં પહેલાં હે સાધક તારે જેની સાથે સંપર્ક છે તેવા સંસારના જીવોની અનુકૂળતા પ્રમાણે તેને જ અધીન થઇ તેને જ વશ વરતતા શીખવા માંડ. બીજી બધી જ પંચાત ને વાતો મૂકીને તને મળેલા જીવોને પ્રત્યક્ષ પ્રભુનાં સ્વરૂપો જાણીને તેમની બનતી સેવા કર. પ્રભુને ચાહતા પહેલાં તેનાં જીવતા જાગતાં સ્વરૂપોને ચાહતાં શીખ. સંબંધમાં રહેલા જીવો પ્રત્યેના પૂર્વગ્રહો તથા અણગમા દૂર કરીને તેમના સારુ પોતાનું બધું જ લૂંટાવી દે. એવો અભ્યાસ સભાનતાપૂર્વક આદર. પોતાના ગમા–અણગમા કોરે મૂકીને તેઓને જ જ્ઞાનપૂર્વક આધીન રહે. તેમને પ્રેમ કરવાનો અભ્યાસ કર. આ અભ્યાસ પ્રભુને નિઃસ્વાર્થભાવે ભજવા માટેનો જ એક પ્રયોગ છે. કોઇ દિવસ કોઇ માટે જરાપણ ઘસાયા જ ના હોય કે કોઇ સારુ કશું પોતાનું જતું કર્યું જ ના

હોય તેવા સ્વાર્થી જીવો ઈશ્વરને નિઃસ્વાર્થભાવે કેવી રીતે ભજી શકે? ભજતા દેખાય તો સોદા જ કરતા હોય. માટે તું તો હે સાધક, ઘરમાં ને સંસાર વહેવારનાં દરેક ક્ષેત્રમાં તેને જ્વલંત જીવતી જાગતી પાઠશાળા માનીને પ્રેમ કરતાં શીખ. પોતાના મતો, અભિપ્રાયો, ગમા ત્યજીને તેમના સારું ઘસાવા પ્રયત્ન કર! તેમનું સારું–માઠું–ગમતું–અણગમતું નિભાવી લેતાં શીખ. એવે વખતે ખૂબ જ જાગ્રત્ રહીને એમ સમજ કે સાક્ષાત્ પ્રભુ જ મને કેળવવા સારુ આવું વર્તન કરી–કરાવી રહ્યા છે. આમાં જ ડહાપણ ને વિકાસ છે. ખૂબ ખૂબ સમજણ રાખીને ચૂપ રહો ને સહન કરો. આંતરિક વિકાસ માટે આ ખૂબ જ જરૂરી છે. મળેલા જીવોને જ ગુરુ ગણો. પ્રત્યેક પ્રસંગ કે બનાવ પ્રભુ જ ઉભા કરીને મને કેળવે છે એવો ભાવ વિકસાવો. અને ખૂબ જ સાવધાની તથા જાગૃતિપૂર્વક તેમાં જાતને મૂકો.

આમ પ્રભુને શરણે જતાં પહેલાં ને તેને પ્રેમ કરી શકાય તે માટે આપણને જે જીવો સાથે સંબંધ છે તેમનાં સારું ઘસાઓ. તેમના માટે તમો જાત ઘસી શકો તો જ અગમ્ય પ્રભુ સારુ કંઈક કરી શકવાની આશા બંધાય. અભ્યાસ કરવા સારુ જ તમો સંસારમાં છો તે દરેક જીવને પ્રભુનું જ સ્વરૂપ માની તે દરેક માટે પ્રસંગ કે મોકો મળ્યે પોતાની જાત હોમી દેજો. અમથી સમર્પણની વાતોથી કશું વળશે નહિ. દરેક જીવનો પ્રસંગ પડયે જાગ્રત અને સાવધાન બની વર્તો. પ્રભુનું એક પણ સ્વરૂપ આપણાથી દુભાય નહિ, ને સંતોષ પામે તેનો પાકો ખ્યાલ રાખો. આમ અભ્યાસ થતાં, મનની કેળવણી પાકી થતાં થતાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ પ્રકટે છે ને પાંગરે છે. અને ક્રમશઃ જાત અભિમાન ઘટી નમ્રતા આવે છે. નમ્રાતિનમ્ર બન્યા વિના શરણાગતિનું રહસ્ય હાથ લાગે



એમ નથી. માટે હંમેશા એવો ભાવ વિકસાવો કે પોતે કાંઈ જ નથી. પોતે તો દરેકની દાસી માત્ર છે. ઘરમાં દાસીનું જેવું સ્થાન હોય તેવું જ સ્થાન દરેક જગાએ (પોતાના ઘરમાં સુદ્ધાં) પોતાનું સમજવું. અને જાત સામું જોયા વિના શ્રમ–સેવા પ્રભુની યાદ રાખીને કરવાં. હંમેશા મુંગા ને મૌન જ રહેવું. ને સહેવું. ઉત્પાત, ઉહાપોહ કે ફરિયાદો બને એમ ન કરવી. દરેકનો પડતો બોલ ઝીલવા તૈયાર રહો. વળી આમ કરવા છતાં પણ જો કોઈ નીંદે કે ટીકા કરે કે અણગમતાં વચનો કહે કે એવો વ્યવહાર વર્તન કરે તો પણ જરાય વિચલિત થવું ન જોઈએ, બુરુ નહિ માનવું જોઈએ. ખોટું શા માટે લાગે ભાઈ? તમે સાચા હોય ને લોકો તેને ખોટી રીતે જુએ ને બોલે તેમાં તમને શું વાંધો? તેમાં તમારે શા માટે ખોટું લગાડવું? આપણે જે અધીન રહેવાનો અભ્યાસ માન–અપમાનની ખેવના કે પરવા કર્યા વિના કરતા હતા, તેમના સારુ ઘસાતા હતા, તેમની સગવડ પોતાને ભોગે સાચવતા હતા તે તમને સારા કહે તે માટે કરતા હતા? હે? આવી ક્ષુલ્લક બાબતોને ધ્યાનમાં લેશો નહિ. તમારા પોતાના જ વિકાસ માટે ને અભ્યાસ માટે આ બધું કરવાનું છે તે ખાસ યાદ રાખજો. તેમના પ્રતિભાવો સારા હોય કે ખરાબ તેની સાથે આપણે શી નિસ્બત? ફરીવાર આટલું યાદ રાખો, આ અભ્યાસ આપણો, આપણો પોતાનો ને આપણી જાતના વિકાસ માટેનો જ છે. અન્યના અભિપ્રાયો કે પ્રતિભાવો તમને ડગાવી ના શકવા જોઈએ. તમારામાં એટલી મક્કમતા ને ધ્યેયનિષ્ઠા જોઈશે જ. માટે હંમેશા શાંત અને સ્વસ્થ રહો. સામી વ્યક્તિ પ્રત્યે પણ અભાવો ના લાવશો. તે તમારી આંતરિક સ્થિતિ કેવી રીતે સમજે? તે તો તમારી સહનશીલતાનો આંક કાઢવા ને સ્વસ્થતાનો પારો માપવા મોકલેલ પ્રભુનો પાર્ષદ છે. જો જો આંક નીચો ન રહે!

આમ હે સાધક, ગમે તેવી તંગ પરિસ્થિતિમાં પણ સમત્વ રાખવું અત્યંત જરૂરી છે. સંયમી ને વીર ઋષિઓના વંશ જ તરીકે તે તમારી પ્રાથમિક ફરજ છે અને તેથી જ એક અભ્યાસ-રૂપે ખૂબ જ શાંતિપૂર્વક ને નમ્રતાપૂર્વક દરેક મળેલા જીવોને આદર આપો, અપનાવો, સહન કરીને પણ તેમને સંતોષો. હૃદયને વિશાળ ને ઉદાર બનાવો. સાર એ જ કે શરણાગત થવા માટે અહંતાને મારી હટાવવી પડશે જ. સમર્પણ સાચા અર્થમાં કરવા માટે જાતનો ઘડો–લાડવો કરવો જ પડશે. અહંતાનો અંચળો ઉતારવો જ પડશે તે બરાબર યાદ રાખજે. તેને જ લક્ષ્યમાં લઈને તારો અભ્યાસક્રમ ગોઠવજે ને આદરજે.


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# એક સાધકનો પત્ર

[પૂ. શ્રી રતિભાઈ ભાવસાર સારા ચિંતક, સાધક ને મુક્તક લેખક છે. તેઓ શરીરના નાતે પ. પૂ. શ્રી મોટાના પરિવારના છે. તેઓનું સ્વાસ્થ્ય સારું નથી રહેતું. ઉમ્મર પણ મોટી છે ને વ્યાધિઓ પણ ઘણા છે. આવી વિપરિત પરિસ્થિતિમાં પણ તેઓનું મન કેટલું સ્વસ્થ છે. તેનું દર્શન તેઓના આ પત્રમાં થાય છે. પત્ર અંગત છે, પરંતુ બીજાઓ માટે પ્રેરણારૂપ હોવાથી તે અત્રે રજુ કર્યો છે. —તંત્રી]

* જય શ્રી યોગેશ્વર, તા. ૩૦–૮–૯૩
* જય શ્રી મા સોમવાર

नमो नमस्ते य नमो नमस्ते।

આદરણીય શ્રી નારાયણભાઈ,

સદ્ભાવપૂર્વક પ્રણામ! હરિઃ ૐ

આ વેળાના ઓગસ્ટ માસના 'અધ્યાત્મ'માં મારાં મુક્તકો પ્રગટ કર્યાં એ બદલ આનંદ અને આભાર!

સને ૧૯૮૫ થી 'અધ્યાત્મ'માં હું લખતો થયો, મારાં કાવ્ય કે લેખ સામાન્ય રીતે એકાન્તરે લેવાતાં, આ વખતે લાંબો સમયગાળો થયો, પણ, એનું કોઈ વ્યાજબી કારણ હશે એમ ધારું છું, તંત્રી તરીકેના તંત્રની ઘણી બાજુઓ તમારે જોવાની હોય, તમારો આ तपोयज्ञ છે.

* ઠીક, એક બીજી અંગત વાત કરું.

નારાયણભાઈ, તમારી સાથે જે સંબંધ છે–એને અનુલક્ષી મારી આજ અત્યારની શરીરસ્થિતિ વિશે તમોને થોડુંક જણાવ-

વાનું દિલ થાય છે. આજે ૭૭ વર્ષની રોગગ્રસ્ત વૃદ્ધ- વસ્થામાં શરીર તો સાવ ક્ષીણ થઇ ગયું છે. કેવળ હાડકાં ઉપર ચામડી ચોંટી રહી છે—એમ કહું તો ચાલે! લગભગ પથારીવશ હાલતમાં રહેવાય છે, અત્યારનાં બધાં લક્ષણો ઉપરથી વરતાય છે કે વિદાય થવાનો વખત હવે બહુ નજીકમાં છે.

ધન્ય ઘડી! સ્થિતિફેર કે 'રૂપાન્તર' પામવાના એ માંગલિક અવસર પરત્વે આનંદપૂર્વક તૈયાર છું, આમ હોવા છતાં, ભાગ્ય અને ભગવાને જિંદગીને છેક છેવાડે, હજુ જે જૂજજાજ સમય બાકી રાખ્યો હોય—તેનો પૂરેપૂરો સદ્—ઉપયોગ થાય તો જ આ સમય લેખે લાગે—એમ સમજું છું, અને તેથી—બનતું ભાથું ભેગું કરી લેવા—

'નામસ્મરણ' અને વાચન–લેખનમાં (કાન ગયા છે, પણ પ્રભુકૃપાથી અત્યારે આંખો બહુ સારું કામ આપે છે, 'મોતિયો' કે એવી કોઇ આંખની પીડા હજુ દેખાઇ નથી. મારી ઢબ પ્રમાણે, બહુ જ સ્વસ્થતા અને સ્થિરતાથી લખવાનું બની શકે છે.) સમય ની આ ક્ષણો ખરચાય તેની ખાસ કાળજી રાખવાનો યત્ન—પ્રયત્ન કરું છું.

અને, આ એક સત્ય હકીકત છે કે શરીર ભલે જીર્ણ—જર્જરિત થયું હોય, પણ અંદરનું 'આત્મચેતન' તો વધારે ખબરદાર બનતું જતું અને પોતાનાં 'અજવાળાં' પાથરતાં જોઉં છું–અનુભવું છું!

અંતરના ઊંડાણનાં આ અજવાળાં અને ઉજાસ જ મારા પુનર્જન્મ માટેની 'સંસ્કાર–મૂડી' બનશે — એવી પરમ શ્રદ્ધા–આસ્થામાં છું.

વાંચવા—લખવાનું હજુ બહુ સારું ફાવે છે, એમાં જ રસબસ રહું છું. નાનપણનો આ શોખ, અત્યારે મને બહુ સારી



રીતે સાચવે છે, સંભાળે અને પથારીવશ હાલતનો અત્યારનો મારો સમય સર્વશ્રેષ્ઠ રીતે પસાર કરી આપે છે! ઈશ્વરનું આ એક 'વરદાન' સમજું છું.

હમણાં, તાજેતરમાં જે લખાય છે એમાંથી ૩ મુક્તક આ સાથે મોકલું છું. યોગ્ય લાગે તો પ્રગટ કરવા વિનંતી.

* હવે, છેલ્લે—

આપ સૌનાં ચરણોમાં મસ્તક ઢાળી, સૌ કોઇની શુભ ભાવનાઓની અરજ–યાચના કરું છું. સૌ કોઇ ભગવાનમાં છે—અને સૌ કોઇમાં ભગવાન છે! सर्वम् खलु इदम् ब्रह्म।

* ઘરનાં સૌને પ્રણામ! હરિઃ ૐ — રતિભાઇ ભાવસાર

*** પ્રાર્થના ***

અંતર મારું વિ—શુદ્ધ કરો,
અંતર્યામી હે ભગવાન!
અંતરમાં શુભમંગલ વરતો,
આત્મસ્વરૂપે હે ભગવાન!
નિજમાં, પરમાં તુજને નીરખું,
ઘટ—ઘટવાસી હે ભગવાન!
દુઃખ પાછળના સુખને પરખું,
સુખસંચારક હે ભગવાન!
યાચું નાથ ચરમ તવ શાન્તિ,
શાન્તિનિકેતન હે ભગવાન!
પ્રાણે નાથ પરમ તવ કાન્તિ,
શરણકૃપાળુ હે ભગવાન!

(ચેતનાની ક્ષણોમાં, ગઇ કાલે જ રચાયેલી એક કાવ્યકૃતિ)

— રતિલાલ ભાવસાર

### કડક શિસ્ત અને સંપૂર્ણ મૌન સાથે

# જપયજ્ઞ સફળ

નારાયણ હ. જાની

નવરાત્રિ એટલે શક્તિની ઉપાસના, આરાધના અને સંચયનું પર્વ.

આ વર્ષે નવરાત્રિમાં પરમ ભગવતી સ્વરૂપા શ્રી શ્રી મા સર્વેશ્વરી ભારતમાં હતાં એટલું જ નહિ પરંતુ શક્તિપીઠ અંબાજીમાં સાધકોની વચ્ચે વસ્યાં. તેઓએ શિસ્તબદ્ધ મૌન પળાવી, જપયજ્ઞમાં લગભગ ૧૨૫ જેટલા સાધક ભાઈબહેનોને જોડયાં સતત નવ દિવસો માટે.

અંબાજીનાં દાંતા રોડ ઉપર આવેલું માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ એ કેવળ વિશ્રામગૃહ કે ઉતારાનું સ્થાન નથી; પરંતુ એક જીવંતતીર્થજ છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ સ્થાપેલું અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ એને સાધનાદ્વારા જીવંત બનાવેલું એ એક અનોખું તીર્થ જ છે. તેથી તો એક સાધક મિત્રે અમોને લખ્યું, “અમે વર્ષો સુધી એક સંત પુરુષના સાંનિધ્યમાં રહ્યા, છતાં જે શાન્તિનો અનુભવ સતત ચાર દિવસ સુધી સ્વર્ગારોહણના પ્રાર્થનાખંડમાં થયો તેવી શાન્તિ અગાઉ કદી ક્યાંય અમે પામ્યા નથી.” આ સાધક મિત્રની વાત તદ્દન સાચી છે. તેનું કારણ સ્વર્ગારોહણના પ્રાર્થના ખંડના પવિત્ર પરમાણુઓમાં રહેલું છે. તે પરમાણુઓ તો આજેય છે અને ભવિષ્યમાં પણ રહેવાનાં. પરંતુ જેમનું અંતઃકરણ જેટલું શુદ્ધ અને પવિત્ર, તેટલું એ પામી શકે. પાત્રતા કે યોગ્યતા વિના કદી કશું પમાતું નથી. રેડિયો કે ટેલિવિઝન જેવી સ્થૂલ વસ્તુઓમાં પણ વિદ્યુતનાં મોજાં યોગ્ય એરિયલ વિના પકડાતાં નથી, તો આત્મિક ઉન્નતિ માટેનાં અતિસૂક્ષ્મતમ આધ્યાત્મિક આંદોલનો સાધકની પાત્રતા વિના શી રીતે પકડી શકાય?

આ જપયજ્ઞમાં પૂ. માએ પહેલેથી જ મૌન અને કડક શિસ્ત માટે આગ્રહ સેવેલો. જેમને મૌન રાખવાની ટેવ ન હોય તે તો નવ–નવ દિવસ



સુધીના મૌનથી અકળાઈ ઉઠે! મૌન એ વાણીનું તપ છે. તેમાંય જો સંકલ્પ વિકલ્પો વિનાનું મનનું મૌન પળાય, તો આત્મિક શાન્તિનો અનુભવ સુલભ બને.

આ જપયજ્ઞમાં દિવસના ચાર કલાક તો જપ કરવાના. જેમને શરીરથી શાંત બેસવાની ટેવ ના હોય તેઓ જરૂર કંટાળે. ઘણા શરીરથી બેસે પણ મનથી અશાંત હોય તો તેઓને આ યજ્ઞનો પૂરો લાભ ના મળે. મૌનની સાથે જપનું જોડાણ પૂ. માએ એટલા માટે કર્યું કે તેનાથી બહિર્મુખતા ઘટે અને એકાગ્રતા સુલભ બને. ઘરથી દૂર અને સાધકોના સમૂહની વચ્ચે બેસવાથી, વાતાવરણનો લાભ પણ સહજ રીતે મળે. આનો લાભ તા. ૧૬–૧૦ થી ૨૫–૧૦–૯૩ ના દિવસોમાં સાધકોએ પોતપોતાની શક્તિ પ્રમાણે માણ્યો. પરમહંસ શ્રી રામકૃષ્ણદેવે સંસારીઓ માટે એકાંત અને સાધનાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે, તે જાણે પૂ. માએ નવરાત્રિમાં સાધકો માટે સુલભ બનાવ્યો.

આ સાધકોનું સવાર ૪ વાગ્યાથી પડતું. સ્નાનાદિ પતાવી સાડાપાંચની પ્રભાતફેરીમાં સહુ જોડાઈ જતા. અર્ધા કલાકના એ સમૂહ ધૂન–ભજનના ગાનથી સારુંય વાતાવરણ પવિત્ર સ્વરોથી ગુંજી ઉઠતું. પછી જપની પહેલી એક કલાકની બેઠક થતી. તો તે પછી જે પ્રભુની કૃપાથી આ સાધનાયજ્ઞમાં જોડાવાનું સદ્ભાગ્ય મળ્યું તે શ્રી યોગેશ્વર પ્રભુને સમૂહમાં સહુ સાધક ભાઈબહેનો ૧૨૫ પચાંગ પ્રણામ કરતા. એ દૃશ્ય જ અનેરું લાગતું.

સવારે ૮ થી ૯ અને ૧૧ થી ૧૨ ની બીજી અને ત્રીજી જપની બેઠકો થતી. એક સરખા કાર્યક્રમથી સાધકો ના કંટાળે તે માટે વચ્ચે અડધો કલાક ચંડીપાઠ અને પ. પૂ. યોગેશ્વરજીના પ્રવચનના શ્રવણનો લાભ મળતો.

સવારે દૂધ અને બપોરે ફળો મળતાં. તો સાંજે એકવારના ભોજનમાં ખીચડી, કઢી, શાક, છાસ અને સલાડ પીરસતાં. સાધનામાં પેટ હળવું રહે તો શાન્તિથી બેસાય. વળી આ બધું સ્વર્ગારોહણની સમીપમાં જ, જેથી એકના એક પવિત્ર વાતાવરણમાંથી સાધકોને બહાર જવાનું ના થાય.

બપોરની બેઠક બપોર ત્રણ વાગ્યાથી શરૂ થતી અર્ધા કલાકની ધૂન પછી પુસ્તક પઠન થતું. જેમાં હિમાલયના પત્રોમાંથી મૌનનો મહિમા,

માતાજી જ્યોતિર્મયીના પત્રોનું વાંચન થતું. પાછા કલાકના જપ પછી રમતો થતી જેમાં અન્તાક્ષરી (કેવળ ભજનોની), ભક્ત અદાલત, પ્રશ્નોતરી વગેરેનો સમાવેશ થતો.

મા જગદંબાનું પર્વ એટલે ગરબા તો હોય જ. રાતે ૯ થી ૯–૩૦ વ્યક્તિગત અનુભવો સાધકો રજુ કરતા.

રાતે સાડા દશે સૂઇ જવાનું ફરજીયાત હતું.

પૂ. મા ઘણી બધી બેઠકોમાં મૌન છતાં હાજરી આપતાં. તેઓની કેવળ ઉપસ્થિતિ, દર્શન અને અમીદૃષ્ટિથી જ સમગ્ર વાતાવરણ પવિત્રતા સભર બની જતું. જપયજ્ઞનું સંચાલન ભાઇ અજય કલોલા કરતા. તો શિસ્તપાલનનો કાર્યભાર દક્ષેશ કોન્ટ્રેક્ટર સંભાળતાં. નવે નવ દિવસના સમગ્ર ભોજનનો ખર્ચ શ્રી રેવાશંકર પુરોહિતે આપ્યો. તો છાશ શ્રી શાન્તિભાઇ કનેરિયા તરફથી મળતી. રસોડામાં સહાય શ્રી પ્રભુભાઇ હળવદિયા, કંચનભાઇ પટેલ, સોમભાઇ પટેલ, ઈશ્વરભાઇ છાટબાર, ડોક્ટર નિર્વિકલ્પ, સંજય પંડયા, રાજીવ જાની, મુ. શ્રી મહેતા સાહેબ ને શ્રી કુમુદચંદ્ર તેમ જ બીજા ઘણાં બધાં ભાઇ બહેનોની મળતી. શ્રી વિનોદભાઇ જોષીની ખોટ વરતાતી.

શ્રી વિમળાબેન અને બાલુભાઇના સાથ વગર તો આ બધું સરલ ના જ બને.

પૂ. માએ પોતાનું મૌન એક દિવસ વહેલું છોડીને સહુને–પોતાની પવિત્રતમ વાણીથી પ્રફુલ્લિત કરી દીધા. સાધકોએ મૌન અને સરસ શિસ્ત જાળવી પૂ. માને પ્રસન્ન કરી દીધાં. પૂ. મા રાજી થયાં તેઓએ ભવિષ્યમાં નાના બાળકો માટેના ત્રણ દિવસની શિબિરનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો. આમ આ જપયજ્ઞ–પૂ. મા અને સાધકો માટે યાદગાર બની ગયો.

O



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એ દેખીને લક્ષ્મણ બોલ્યો : 'અંધકાર જાણે પ્રકાશનું હરણ કરવા આવ્યો હોય એવું લાગે છે!'

'તારી કલ્પના ખરેખર સુંદર છે, લક્ષ્મણ! જો આ વાદળ ગડગડી ઊઠયાં, ચપલા ચમકવા માંડી, અને પવનની ઠંડી લહરી બધે ફરી વળી.'

'થોડાક છાંટા પડવા લાગ્યા.'

'એ છાંટા નથી પણ સ્નેહનાં બિંદુ છે. આકાશે એમના રૂપમાં પોતાનો પ્રેમ દાખવ્યો ને ધરતી એ પ્રેમનું પાન કરીને ધન્ય થઇ. એ ધન્યતાને પ્રકટ કરતાં એના આત્મામાંથી આ કેવી સરસ સુગંધ નીકળી? મૂંગાં તત્ત્વો પણ એવી રીતે સ્નેહના સૂત્રે બંધાયેલાં છે તો પછી મનુષ્યોનું તો કહેવું જ શું? પરસ્પર કરાતા પ્રેમભાવથી એ તો પ્રભાવિત થાય જ એમાં શી નવાઇ? સ્નેહનું સામ્રાજ્ય સંસારમાં સર્વત્ર છવાયેલું છે. આ હરણ અને હરિણી પણ મદનના વેગથી હણાઇને એકમેકનો સાથ છોડવા નથી માગતાં. સ્નેહની સૌરભથી ભરેલા આવા વાતાવરણમાં મારું મન એકલું રહેવા નથી માગતું. આવા વાતાવરણમાં કોનું મન ચલાયમાન ના થાય? તારા મનમાં આ વાતાવરણને વિલોકીને કેવા ભાવો પેદા થાય છે? તારું મન શાંત રહી શકે છે?'

લક્ષ્મણે જરાક વિચાર કરીને પૂછ્યું : 'તમે મારા મનને સારી પેઠે જાણો છો છતાં પણ મારી પરીક્ષા લેવા માગો છો કે શું?'

રામે સ્મિત કરતાં કહ્યું : 'મારે તારી પરીક્ષા શા માટે લેવી પડે? હું તો તારા મનોભાવોને જાણવા માટે જ પૂછી રહ્યો છું.'

'વનના આવા મદનની અસરવાળા વિલાસી વાતાવરણને જોઇને

મારા મનમાં બીજો કયો ભાવ પેદા થવાનો હતો? મદન બધાને મહાત કરે છે એ સાચું, પરંતુ જે જાગ્રત છે તથા જીવનના જટિલ પથ પર પ્રવાસ કરતાં પ્રત્યેક પગલે સાવધાન છે તેને કશું જ નથી કરી શકતો. આપણાં માતાપિતા એવાં જ જાગ્રત, સાવધાન અને સંયમી હતાં. એટલે આપણે માટે પણ સંયમ અને પવિત્રતા સહજ છે. તમારો અને સીતાનો આદર્શ વિશુદ્ધ જીવનવ્યવહાર હમેશાં મારી નજર આગળ રહે છે ને મને પ્રેરણા પાયા કરે છે. એ ઉપરાંત, ઊર્મિલાનો સંયમ, સ્નેહ, સમર્પણ ભાવ તથા તપશ્ચર્યાના સાકાર સ્વરૂપ જેવી આકૃતિ પણ મારી આંખ આગળથી નથી હઠતી. એ મારા જીવનની જ્યોતિ બનીને મારા પથને, મનને, વિચારને ને ભાવને અજવાળી રહી છે. મારું મન એના પવિત્ર પ્રેમના આધારે ટકી રહ્યું છે, અને એનો મહાન ત્યાગ જોઈને વિકાર રહિત તેમ જ નિર્વાસનિક બન્યું છે. એટલે એને માટે ચલાયમાન થવાનો સંભવ જ નથી દેખાતો.'

લક્ષ્મણના શબ્દો સાંભળીને રામ પ્રસન્ન થઇને બોલી ઊઠયા : 'લક્ષ્મણ, તને તારા ઉત્તમ ભાવો ને વિચારોને માટે ધન્યવાદ ઘટે છે. તારા ભાવોને વાચા આપવાની ઇચ્છાથી જ મેં તને પ્રશ્ન પૂછેલો. ઉત્તર અત્યંત સંતોષકારક છે. રઘુકુળમાં પ્રકટેલા પ્રતાપી પુરુષોમાં તારું નામ પ્રથમ પંક્તિમાં આવે એવું છે. ઊર્મિલાની પેઠે તું પણ પવિત્ર પ્રેમની મૂર્તિરૂપ છે એટલે તારું મન પણ ગમે તેવા વાતાવરણને વિલોકીને વિચલિત કેવી રીતે થઇ શકે? મારું મન પણ જનકનંદિની સીતાને છોડીને બીજે ક્યાંય નથી જતું. એ બીજા કોઇનામાં લાગતું જ નથી. સીતાના સ્નેહનું, ત્યાગનું અને સીતાની પવિત્રતાનું સ્મરણ એને સહજ રીતે થયા કરે છે. એના આધારથી જ એ ટકે છે એમ કહું તો ચાલે. એટલે અને એને માટે વિપથગામી થવાનો સંભવ જરા પણ નથી રહેતો. પરંતુ લક્ષ્મણ, સ્નેહની મૂર્તિ જેવી એ સીતા આજે તો મારાથી દૂર જતી રહી છે. એના સુધામય સ્વરૂપને અવલોકવાનો અવસર કોણ જાણે ક્યારે મળશે?

એટલું કહેતાં તો રામનું હૃદય ભરાઇ આવ્યું.

એ માર્ગની વચ્ચે જ ઊભા રહ્યા.



એ વખતે આકાશ સ્વચ્છ થઇ ગયું, ને સૂર્યનાં સોનેરી કિરણો પાછાં પૂર્વવત્ પ્રકાશ લઇને ચારે તરફ ફરી વળ્યાં.

એ જોઇને લક્ષ્મણ બોલ્યો : 'આકાશ વળી પાછું નિરભ્ર બની ગયું. એના ગડગડાટ શમી ગયા. વીજળીના ચમકારા શાંત થયા, ને વરસાદનાં બિંદુ પણ બંધ પડયાં. અંધકારને બદલે બધે પ્રકાશ થયો. એવી રીતે આપણા જીવનરૂપી આકાશમાં છવાયેલો અંધકાર પણ દૂર થશે અને એમાં વળી પાછો પ્રકાશ પથરાશે. સીતા તમને જરૂર મળશે, અને એના મિલનને લીધે તમારા જીવનમાં નવી દીપ્તિ અને નવી શાંતિ છવાઇ જશે. પ્રકૃતિનું આજનું આ પરિવર્તન એનો સંકેત કરે છે. મારું હૃદય મને કદી ખોટું નથી કહેતું. એ એવું જ કહ્યા કરે છે.'

લાંબા વખત લગી ચાલીને કેટલોય પંથ કાપ્યા પછી બોલ્યા : 'આપણે હવે ઋષ્યમૂક પર્વતની પંક્તિ પાસે આવી પહોંચ્યા છીએ. શબરીએ વર્ણવેલો એ પવિત્ર પર્વત આ રહ્યો. એ પર્વત પર રહેતા સુગ્રીવનો આપણને સમાગમ થશે.'

લક્ષ્મણે થોડેક દૂર દેખાતી કોઇક વ્યક્તિને લક્ષ્ય કરીને કહ્યું : 'સુગ્રીવ આ સામે આવે છે એ તો નહિ? આપણી સામે આવનાર પુરુષ પોતાની ચાલવાની ઢબ અને છટા પરથી એના જેવો જ પ્રતાપી ને વીર લાગે છે.'

'એ સુગ્રીવ નથી પરંતુ કોઇ બીજો, એનો સેવક લાગે છે. સુગ્રીવ તો શબરીના કથનાનુસાર પર્વત પરથી બનતાં લગી નીચે જ નથી ઊતરતો.'

એટલામાં તો એ આગંતુકે આવીને રામ અને લક્ષ્મણને પ્રણામ કર્યા.

રામ તથા લક્ષ્મણે એનો શાંતિ તેમ જ સ્મિતપૂર્વક સ્વીકાર કર્યો, એટલે એણે પૂછ્યું : 'તપસ્વીઓના વેશમાં આ વનમાં વિહાર કરનારા તમે કોણ છો તે કહી શકશો? તમારી સુંદરતા તથા કાંતિ જોઇને મારું અંતર તમારો પરિચય કરવા માટે અધીરું બન્યું છે. તમે બંને વનમાં છૂપા વેશે ફરનારા કોઇ સ્વર્ગવાસી દેવતા, યક્ષ, ગંધર્વ અથવા અશ્વિનીકુમાર તો નથી? કે પછી તપશ્ચર્યા દ્વારા સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચેલા કોઇ આપ્તકામ યોગી છો? તમારી મુખાકૃતિ તથા કમનીય કાયા પરથી તો તમે

કોઈક રાજકુમારો હશો એવું અનુમાન થાય છે. વનના વિહાર પાછળનું તમારું પ્રયોજન તથા તમારું નામઠામ કહી શકશો? તમારું સ્વરૂપ એટલું બધું આકર્ષક, આહ્‌લાદક અને સુંદર છે કે મન એને જોઈને સ્થિર થઈ જાય છે ને એક પ્રકારના ઊંડા સમાધિસુખમાં ડૂબી જાય છે.'

રામે પોતાનો પરિચય આપતાં કહ્યું : 'અમે કોઈ યક્ષ, ગંધર્વ, દેવતા કે અશ્વિનીકુમાર નથી, તપ દ્વારા સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચેલા આમકામ યોગી પણ નથી, પરંતુ રાજકુમારો છીએ ને ભાઈઓ છીએ.'

'રાજકુમારો?'

'હા. રાજકુમારો.'

'તો પછી તપસ્વીઓના આવા સાદા વેશમાં શા માટે ફરી રહ્યા છો અને તમે કયા રાજાના પુત્રો છો? રાજ્યનો ત્યાગ કરીને તમે વનમાં શા માટે આવ્યા?'

રામે પોતાના વનવાસનું કારણ કહી બતાવ્યું, કૈકેયીના વરદાનની તથા બીજી વાતોની કથા સંક્ષેપમાં કહી બતાવી, અને ઉપસંહાર કરતાં કહ્યું : 'આ બધી હકીકત પરથી સમજાઈ ગયું હશે કે, અમે અયોધ્યાના રાજા દશરથના પુત્રો છીએ. અમારું નામ રામ અને લક્ષ્મણ છે.'

'રામ અને લક્ષ્મણ?'

'હા. મારું નામ રામ છે ને મારા આ ભાઈનું નામ લક્ષ્મણ. સીતાની શોધ કરવાના ઉદ્દેશથી અમે વનમાં ફરી રહ્યા છીએ. પંચવટીથી આટલે દૂર આવી પહોંચ્યા પરંતુ ક્યાંય પણ એનો પત્તો નથી લાગ્યો. આટલી વિગત અમે કોઈપણ પ્રકારના ભેદભાવ કે સંકોચ વિના કહી બતાવી. હવે તમારા વિશે થોડી ઘણી માહિતી આપી શકશો ખરા? તમારા સ્વરૂપ પરથી એટલી કલ્પના તો કરી શકાય છે કે, તમે કોઈ સાધારણ વ્યક્તિ તો નથી જ. તમારા વેશ પરથી તમે બ્રાહ્મણ દેખાવ છો, તથા મહાન જ્ઞાની, મેધાવી, વેદપાઠી તથા પરાક્રમી લાગો છો. તમારો હાવભાવ અને વિનય ઉત્તમ સંસ્કાર સંપન્ન, સુસંસ્કૃત કુળના પ્રતિષ્ઠિત પુરુષને છાજે તેવો છે.'

( ક્રમશઃ )

# * પરમપદ કે પરમગતિ *

પરમાત્માને જાણવાથી માણસ સાચા અર્થમાં સુખી, શાંતિમય ને અમર બની શકે છે. એ પરમાત્માનું જ્ઞાન માણસે આ જ જીવનમાં ને આ જ શરીરમાં મેળવવા માટે કમર કસીને તૈયાર થવું જોઈએ. તે પરમાત્માનું સંપૂર્ણ સ્વરૂપ કોઈ જાણી શકતું નથી. પંખી જેમ નદીના થોડાં ટીપાં પાણીને ચાંચમાં લઈને ચાલતું થાય છે ને તેથી તેને તૃપ્તિ પણ મળે છે, તેમ અખિલ વિશ્વમાં વ્યાપેલા પરમાત્માને પોતાની અંદર અનુભવીને માણસ કૃતાર્થ થાય છે ને અમર બને છે. તે પરમાત્માના પોતાની અંદર રહેલા રૂપને અનુભવવાનું પણ પૂરતું છે. કોઈ તે પરમાત્માને નરી આંખે પૂરેપૂરા જોઈ શકતું નથી. ભક્તો તેમનું દર્શન જરૂર કરે છે. પણ તે તો તેમના વિરાટ અસીમ અનંત રૂપના સાધારણ સ્વરૂપનું જ. તેમની શાંતિ ને ધન્યતા માટે તેટલું પણ પૂરતું થઈ પડે છે. એટલે તેમના દર્શનની ઉપેક્ષા કરવાની જરૂર નથી. તે પરમાત્મા મન, બુદ્ધિ ને હૃદયથી અનુભવી શકાય છે. મન, બુદ્ધિ ને ઈન્દ્રિયોને શાંત ને સ્થિર કરવાથી તે પરમાત્માની અનુભૂતિ થાય છે ને પરમપદ કે પરમગતિ પણ તે જ કહેવાય છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * જ્ઞાનની પ્રાપ્તિ *

આત્મોન્નતિમાં જ્ઞાનની જરૂર ઘણી મોટી છે. જ્ઞાનથી જ જીવનના આદર્શનો વિચાર થાય છે, જ્ઞાનથી જ એ આદર્શની સિદ્ધિનાં સાધન શોધી શકાય છે, જ્ઞાનથી જ એ સાધનોને દૃઢતાથી વળગી રહીને આગળ વધી શકાય છે, જ્ઞાનથી જ પ્રલોભનો ને ભયસ્થાનોની પાર પહોંચી શકાય છે, ને વિજયી પણ જ્ઞાનથી જ થવાય છે. જ્ઞાન એક મોટા ચોકીદારનું કામ કરે છે. તેનો સાથ શોધનાર ને આધાર લેનારને તે સદા સલામત રાખે છે. માટે જ તેને અમૃતની ઉપમા આપવામાં આવી છે ને તેને મેળવવાની શાસ્ત્રોએ સૂચના કરી છે. સાધક જ્ઞાનની મિત્રતા રાખે પણ જ્ઞાનના મોહમાં ન પડે તે જરૂરી છે. જ્ઞાનના મોહમાં પડવાથી જ્ઞાનમાં જ રહી જવાશે ને જ્ઞાનદ્વારા જે મેળવવાનું છે તે ભુલાઈ ને રહી જશે. સાધકે જેમ જ્ઞાનની પ્રીતિ કરતાં શીખવું જોઈએ તેમ અજ્ઞાનના શિકાર ન થવાય તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. અજ્ઞાન અથવા અવિદ્યા જ સંસાર-નું ને સુખદુઃખ તથા મુક્તિ ને બંધનનું કારણ થાય છે. તેને સાવધાનીથી દૂર કરીને જ્ઞાનના પ્રકાશમાં પ્રતિષ્ઠિત થવું ખૂબ જરૂરી છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧